અઈ ગુજરાતી પુસ્તકમાળા. પુસ્તક ૪ થું.

માસ્તર કે મનહર!

કે રમુજી ડીટેકટીવ નવલકથા

લેખકઃ-
ભાનુપ્રસાદ મણિરાય વ્યાસ.

Printed & Published by Vaidya Bhagvanlal Tribhuvan
at the Subodhini P. Press, 305 Bazar
Gate, Fort, Bombay.

પ્રથમાવૃત્તિ ૧૦૦૦ નકલ.

સંવત ૧૯૭૧ ઈ. સ. ૧૯૧૫

શ્રી ગણેશાયનમઃ

"માસ્તર કે મનહર?"

—:o:—

પ્રકરણ ૧ લું.

"હાલ તમે શું કરો છો?" એક વૃદ્ધ માણસ કે જેનું નામ દેવીદાસ હતું તેણે પુછ્યું.

"મેં હમણાંજ સ્કુલ છોડી છે અને કોઇ જગ્યા ઉપર નોકરી અગર એવાજ કોઇ આજીવિકાના સાધનની વ્યવસ્થા કરી ફુરસદના સમયમાં કોમર્સ કોલેજ જોઇન કરવાનો વિચાર છે." હરમુખરાયે જવાબ આપ્યો.

એટલામાં ભટ દુધના કપ લઇ આવ્યો. આ વખતે આપણે જાણવું જોઇએ કે તે જે રૂમમાં બેઠા હતા તે રૂમ ઘણો મોટો હતો, ફરનીચરથી તે અપ—ટુ—ડેટ ફેશનથી શણગારવામાં આવ્યો હતો. વચ્ચે ગોળ ટેબલની આજુબાજુ પાંચેક ખુરશીઓ પડી હતી, તેમાં એક ઉપર દેવીદાસ બીરાજ્યા હતા અને તેની બાજુમાં તેની પુત્રી કાન્તાગૌરી બેઠી

હતી. સામેના ટેબલપર હરમુખરાય બેઠો હતો. ટેબલપર કેટલાંક પુસ્તકો પડેલાં હતાં. વચ્ચે દેવીદાસની નજદીક એક વીઝીટીંગ કાર્ડ પડયું હતું. તે ઉપર

"હરમુખરાય કરમુખરાય મહેતા.

સુરતવાળા."

આ પ્રમાણે લખ્યું હતું. ચ્હાના પ્યાલા મુકી બટ ચાલ્યો ગયો. ત્રણે જણે તેને ઇન્સાફ આપ્યો. પાનસોપારી લીધા પછી દેવીદાસે આગળ ચલાવ્યું:—"મી. હરમુખરાય ! તમે એકલાજ છો કેમ ?

"હાજી".

"જુઓ. તમે જે ભલામણ લાવ્યા છો તે ઉપરથી મને તમારે માટે ઘણોજ ઉંચો વિચાર છે, અને તમને દરેક રીતે સંપુર્ણ મદદ આપવા માટે હું તૈયાર છું તમે ખુશીથી કોલેજ ઓફ કોમર્સ જોઇન કરો. અને બાકીના તમારા ફુરસદના ટાઇમે તમે કાન્તા બેનને ટ્યુશન આપજો. તમારી રહેવા વિગેરેની વ્યવસ્થા અત્રે આ મારા બંગલામાંજ કરવામાં આવશે. અને કાલથીજ તમે અત્રે આવો"
"આપનો મારા પર ઘણોજ ઉપકાર થયો છે; મને આવી સર્વ પ્રકારની મદદ કરવા માટે આપનો તેમજ મારા મિત્ર મોરારજી બાપુનો હમેશને માટે ઋણિ છું."

"તે ઉપરાંત હું તમને તમારા પરચુરણ ખર્ચ માટે રૂા ૬૦ સાઠ પગાર તરીકે આપીશ. આ ઘર તમારૂંજ સમજજો. પરંતુ એટલું ધ્યાનમાં રાખજો કે મારે મારી પુત્રીને હાલના નખરેલા જમાના

મુજબ ઇંગ્લીશ ભાષાનું જ્ઞાન આપવું છે પરંતુ તેના રિતરિવાજનું અનુકરણ કરતાં શીખવવાનું નથી; તેને સ્ત્રીઓના ધર્મનું જ્ઞાન આપવાનું છે પરંતુ પાર્લામેન્ટની મેમ્બરશીપની ઓફર કરવાનું શીખવવાનું નથી. પતિના વિરૂદ્ધ થઈ પોતાની ઇંદ્રિય સુખમાં ઇચ્છાનુસાર વર્તન કરતાં શીખવવાનું નથીઃ પરંતુ તેને પતિ આજ્ઞાનુસાર વર્તી કુટુંબ સુખ સાધવા માટેજ પ્રગતિ કરતાં શીખવવાનું છે."

"એ બાબત આપને કાંઇજ કહેવું નહી પડે. ગૃહિણી તરીકેના શું શું ધર્મ છે તે હું મ્હારી રીતે સમજુ છું. અને આપની ઇચ્છા એમને આર્ય ગૌરવનું અભિમાન ધરાવનાર ગૃહિણી બનાવવાની છે."

"બસ એમજ છે, હવે હું મારા કાર્યમાં યોજાઉ છું. આપ સુખે કાલથી પધારો." દેવીદાસ ત્યાંથી ગયા બાદ હરમુખરાય પણ ત્યાંથી નીકળ્યો. કાન્તાગૌરી બેઠી બેઠી જે આ બધું સાંભળતી હતી તે પણ બ્હાર બાગમાં જઇ ફરવા લાગી. તેના મનમાં કાંઇક વિચારે એવું તો કહોળાણ નાખ્યું હતું કે તેને ચેન ન પડયું. છેવટે એક બેન્ચ પર બેસી ગઇ અને વિચારમાં એવીતો લીન થઇ ગઇ કે એક તરૂણ પુરૂષ તેની સામે આવી ઉભો રહયો પણ તેનુ પણ ભાન તેને નહોતું. આ નવીન આવનારનું નામ પ્રમોદરાય હતું. તેની ઉમ્મર બાવીસેક વર્ષની હતી. વયમાં હરમુખરાયઅને પ્રમોદરાય સરખા હતા. પ્રમોદરાય શ્રીમંત હતો પરંતુ વિદ્વાન નહોતો. પરંતુ વિદ્વત્તાનો ખોટો ડોળ કરવો એ તેણે પોતાના જીવન—ઉદ્દેશ તરીકે સ્વીકાર્યું હતું. મિત્રમંડળ પણ તેનો એ સ્વભાવ જાણતું હોવાથી હમેશાં તેને પ્રશંસાના પ્રસ્તાવથી ફુલાવી મુકતું હતું કાન્તા આગળ તે દરરોજ આવતો અને પોતાની વિદ્વત્તાનાં મોટાં મોટાં પણ ખોટાં બણગાં ફુંકતો.

કીશોરી નામનું એક માસિક દેવીદાસને ત્યાં આવતું હતું. તેમાં 'મનહર' ના તખ્ખલ્લુસથી કોઈ એક લેખક લખતો હતો અને તેના લેખ ઘણાજ ઉચ્ચ પ્રતિના હોવાથી કાન્તાને તે લેખક માટે ઘણુંજ માન હતું. એટલુંજ નહિં પરંતુ લેખક પોતાની જ્ઞાતિનો હોય તે. પોતાનાં લગ્ન તેની સાથે કરી આપવા પિતાને વિનંતી કરવા પણ તે તૈયાર હતી. પ્રમોદરાય કાન્તા આગળ 'મનહર' ના નામથી પોતેજ લેખ લખવાનું જણાવતો અને એ રીતે પોતાના તરફ કાન્તાનુ મન આકર્ષવા તે કેટલેક અંશે ફળીભુત પણ થયો હતો. દિવસે દિવસે કાન્તાએ તેનાપર પુર્ણ પ્રેમ અને વિશ્વાસ મુકયો હતો. ફકત પિતાજી પાસે લગ્નની સંમતિજ માગવાની ખોટી હતી. પરંતુ ખરી રીતે જોઇએ તો તો પરસ્પર લગ્નનાં વચન અપાઇ ચુકયાં હતાં. આજ પ્રમોદરાય હાથમાં 'કીશોરી' માસિક લઇ આવ્યો હતો. કાન્તા વિચારમગ્ન હતી તેને જાગૃત કરતાં તે બોલ્યોઃ—

"કાન્તે! આજ કેમ કાંઇ ઉંડાજ વિચારમાં પડયાં છો?"

"એ તો હું આપનીજ રાહ જોતી હતી. આપને આવતાં આટલી વાર થઇ તેજ વિચારમાં હતી." પ્રમોદરાયના આવવાથી તેના હૃદયને કાંઇક શાન્તી વળી. બન્ને જણુ સાથે બગીચામાંહી ફરવા લાગ્યાં. અને વિવિધ વાર્તાલાપ કરવા લાગ્યાં. કાન્તાએ પ્રમોદરાય પાસેનુ માસિક લઇ જોવા માંડયું; તેમાં મનહરે, લખેલા લેખમાંથી બે લાઇનો મોટેથી વાંચી પછી પુછયું:—" પ્રમોદરાય! આ બે લાઇન આપે શા વિચારથી લખી છે?"

"કઇ? ફરી વાંચો જોઇએ."

" જરા વિચાર કર શાણી, ખરૂં ખોટું ન પરખાયે ?
સુશીલનો શ્રમ છતાં, તુજ દગ ખરો ઢોંગીજ નિરખાયે ? "

" એનો અર્થ તો ઉઘાડોજ છે. તમે શું સમજ્યાં તે તો કહો, " પ્રમોદરાયે જવાબ વાળ્યો.

" મને સમજ ન પડી ત્યારે તો પુછું છું કે શાણી કોણ ? ખરૂં ખોટું શું ? સુશીલ કોણ ? અને ઢોંગી કોણ ? "

પારકા જ્ઞાને મોટો કહેવડાવનાર પ્રમોદ આથી ખીશીઆણો પડી ગયો. તેને બીચારાને ખબર નહોતી કે આજ આમ પ્રશ્ન પુછાશે. તેથી તેણે ઉડાવનારો જવાબ આપ્યોઃ—" તમારી વિદ્યા શું કામ આવવાની ? જરા વિચાર કરો. "

આજ નહીં તો કાલે સમજી શકશો. હું તો નહીંજ કહું. મારૂં સમજેલું હું સમજાવું તેના કરતાં તમે તમારા જ્ઞાન વડે શું અર્થ કરો છો તે જોવામાં મને ઘણી રમુજ પડશે. અને તેથી તમારા વિચાર પણ જણાશે. "

" ઠીક છે. હું કાલે તમને કહીશ. પછી મારી સમજ ફેર હોય તો સમજાવજો. "

" ટાઢે પાણીએ ખસ ગઈ " જાણી પ્રમોદરાય મનમાં ખુશી થયો. અને હવે વખત ઘણો થયો છે જણાવી ઘેર જવા રજા માગી. કાન્તા પણ સાયંકાળ થવાથી બાગમાંથી પાછી મકાન તરફ વળી. પરંતુ વળી પ્રમોદરાયને કાંઇક યાદ આવતાં તે પાછો વળી કાન્તાને બોલાવી કહેવા લાગ્યોઃ—" કાલે તમારો જન્મ દિવસ છે, નહિ ? "

"હા."

"ત્યારે મારી નજીવી ભેટ કાલે સ્વીકારશો?"

"જેવો સમય."

"પણ—"

"કેમ અટકયા? શું કહો છો?"

"કાલે મારીજ ભેટ સ્વીકારવી પડશે. હું ધારૂં છું કે પેલા આનન્દશંકર તરફની ભેટ હવે તમે એટલા પ્રેમથી નહીંજ સ્વીકારો."

"ખરેખર. તેની ભેટ નહીંજ સ્વીકારૂં."

બન્ને જણ જુદાં પડયાં. કાન્તા બંગલામાં આવી. પ્રમોદરાય ચાલ્યો ગયો.

પ્રકરણ ૨ જું.

આજે કાન્તાનો જન્મ દિવસ હતો. અને તેજ દિવસે પોતાને દેવીદાસને ત્યાં રહેવાની વ્યવસ્થા થવાથી હરમુખરાય ઘણોજ ખુશી થવા લાગ્યો અને પોતાને ભાગ્યશાળી માનવા લાગ્યો. જન્મ દિવસ હોવા છતાં પણ આજથીજ કાન્તાનો અભ્યાસ ક્રમ શરૂ થયો. વિવિધ વિષયો સંબંધી વિવેચન પૂર્ણ થતાં કાન્તાએ "કીશોરી" માસિકની પેલી એક લાઇનનો ભાવાર્થ હરમુખરાયને પુછ્યો. હરમુખરાયે માસિક હાથમાં

લીધું, અન્ને લાઇન વાંચી પણ તેનો અર્થ સમજાવવાને બદલે આપણે આશું જોઇએ છીએ ? હરમુખરાયની આંખમાં આંસુ ! ખરેખર તેની આંખ આંસુથી ભરાઇ ગઇ હતી. હવેજ તે બધું સમજી શકયો. ગઇ કાલે રાતના પ્રમોદરાય તેને ત્યાં જઇ એ બન્ને લાઇનનો અર્થ સમજી ગયો હતો. કારણ પ્રમોદરાય જાણતો હતો કે હરમુખરાય—અથવા ખરી રીતે કહીએ તો આનંદશંકરજ—'મનહર' નામથી લેખક તરીકે પ્રખ્યાત હતો. પ્રમોદરાયને આનંદશંકરના સ્વભાવની ઘણીજ માહીતી હતી. તે જાણતો હતો કે આનંદશંકર સ્વમુખે કદી પણ 'મનહર' કોણ છે તે ભેદ ભાંગવાનો નથી અને તેનો લાભ લઇનેજ પ્રમોદરાયે પોતે મનહર હોવાનું જણાવી કાન્તાને ફસાવવાના ઇલાજ હાથ ધર્યા હતા. કાન્તાએ પ્રશ્ન કરવાથીજ તે આનંદશંકરને ત્યાં જઇ તેનો અર્થ પુછી આવ્યો હતો. અત્યારે હરમુખરાયની આંખમાં આંસુ આવવાનું કારણજ એ હતું; કારણ કે હરમુખરાય તે બીજું કોઇ નહીં પરંતુ આનંદશંકર જાતેજ હતો. પ્રિયવાંચક! તમે સંશય ન ધરશો. આનંદશંકરને હરમુખરાય નામ ધરી દેવીદાસને ત્યાં રહેવાનું શું પ્રયોજન હતું તે હું ટુંકામાંજ સમજાવીશ.

આનંદશંકર એક ગરીબ માણસ હતો, તેનું વય બાવીસેક વર્ષનું હતું. તેણે ઘણોજ સારો અભ્યાસ કરી લેખક તરીકેની પણ ઘણી સારી નામના મેળવી હતી. તે પોતે 'મનહર'ના તખ્ખલુસથી ઘણાં ખરાં માસિકો, વર્તમાનપત્રો વિગેરેમાં લેખ આપતો અને તેમાંથી પણ એ સારૂં દ્રવ્ય મેળવતો. એટલુંજ નહિં પરંતુ ઘણા મનુષ્યોને તેને માટે ઘણુંજ સારૂં માન હતું. તેના "હિંદુ લગ્ન" નામના લેખ

માટે તેને એક ઉદારચિત્ અને કદરદાન શ્રીમંતે રૂ. પચાસ હજાર ઇનામમાં આપ્યા હત; અને તેથી આનંદશંકર હાલ સારી સ્થીતિ ભોગવતો હતો. તેમ છતાં પોતાની અસલ સ્થીતિ તે ભુલતો નહીં. અને હમેશ માફકની સાદાઇમાંજ તે રહેતો. તે કદી પોતાની પ્રશંસા પોતાને મોઢે કરતોજ નહીં. તેને અને દેવીદાસને સ્નેહ સંબંધ હોવાથી તે દેવીદાસને ત્યાં આવતો જતો અને તેથી કાન્તાને તે ઓળખતો. પરંતુ દેવીદાસ સુદ્ધાં જાણતો નહીં કે 'મનહર' નામધારી આનંદશંકરજ છે. સઘળા ફક્ત 'મનહર' પ્રતિજ માન ધરાવતા. કાન્તાની સાથે ઓળખાણ થતાં તે જાણી ગયો કે કાન્તા 'મનહર' નામક લેખકને ચ્હાય છે. પરંતુ તેનો અવળો લાભ પ્રમોદરાયે લેવા માંડયો છે. તેથી આનંદશંકર ઘણોજ ખિન્ન થયો. પરંતુ હિંમત ન હારતાં કાન્તાની ભુલ અન્ય માર્ગે ભાગી પ્રમોદરાય જેવા પાખંડીને પલ્લે ન પડી પોતાનું જીવન સુધારી લે, એવો માર્ગ દર્શાવવાના ઉદ્દેશથી હાલ હરમુખરાય નામ ધારી, પોતાના અવાજ તથા પોષાકરવેશમાં કેવળ ફેરફાર કરી નાખી દેવીદાસને ત્યાં નોકરી મેળવી રહ્યો હતો.. અને તેથીજ અત્યારે તેની આંખમાં આંસુ આવ્યાં હતાં. તેનો ચ્હેરો ઉતરેલો તથા આંખ આંસુવાળી જોઇ કાન્તા બોલી:—

"તમે કેમ આમ ઉદાસ જણાઓ છો? શું મારો પ્રશ્ન અયોગ્ય છે?"

"નાજી; તમારો પ્રશ્ન અયોગ્ય નથી. પરંતુ આ લાઇનો વાંચી લેખકનું હૃદય મારી દ્રષ્ટિ સમક્ષ ખડું થાય છે તેથીજ વિષાદ થાય છે."

"ત્યારે તો મને પૂર્ણપણે સમજાવો. એનો તે શો અર્થ છે?"

"જુઓ. ધ્યાનથી સાંભળો, લેખક પોતાની કલ્પિત હૃદયરાણીને કહે છે કે:—

"જરા વિચાર કર શાણી, ખરૂં ખોટું ન પરખાયે ?
સુશીલનો શ્રમ છતાં, તુજ દ્રગ ખરો ઢોંગીજ નિરખાયે ?"

"હે શાણી ! તું જરા વિચાર કર, તારા જ્ઞાનનો ઉપયોગ કર, તારા શાણપણથી તુલના કર. શું તું ખરૂં શું છે અને ખોટું શું છે તેનો ભેદ પારખી શકતી નથી ? અર્થાત્ શું તું એટલી બધી અજ્ઞાન છે કે તને સત્યાસત્યની પરીક્ષા પણ નથી ? આ બધો શ્રમ--મહેનત એક (મારા જેવા) સુશીલ મનુષ્યનો છે, છતાં પણ ત્હારી નજરમાં એક ઢોંગી માણસને (કે જે આ વિષે કાંઇજ જાણતો નથી, તેમ સમજી શકતો નથી, તેને) તું આ શ્રમ લેનાર માની બેઠી છે ! અર્થાત્ ખરા મનુષ્યને બદલે તું એક ખોટા વેશ ધારી—નામ ધારીને—સત્ય મનુષ્યને ઠેકાણે માની લે છે."

"આમાં તમને એટલું બધું શું જણાયું કે તમારી આંખમાં આંસું આવ્યાં ?" કાન્તાએ પુછયું.

"કેમ ન આવે ? જુઓ, 'મનહરે' પોતાની ભવિષ્યની પ્રિયાને સંબોધી આ લખ્યું છે કે "આ બધું લખનાર, તમને ખુશી રાખવાનો હરેક પ્રકારે પ્રયત્ન કરનાર હું છું, છતાં તમે તો બીજા કોઇ આત્મશ્લાઘા જેને પ્રિય છે એવાનેજ આ લખનાર તરીકે જાણો છો" શું આ શોચનિય નથી ? તે લેખક પોતાને બદલે બીજો ખોટુંજ પોતાનું નામ ધરી પોતાની ભવિષ્યની પ્રિયાને ઉલટું સમજાવી પોતાના તરફ આકર્ષે તે શું જોઇ શકે ?"

શું તેને કાંઇ લાગણી નહીં થતી હોય ? તેજ લાગણીઓ અત્યારે મારા હૃદયમાં ઉભરાઇ આવવાથી મારી આંખમાં આંસુ આવ્યાં હતાં.'

"પરંતુ હું તે લેખકને ઓળખું છું એટલુંજ નહિં પરંતુ તેની ભાવિ પત્નિને પણ જાણું છું. તેના સંબંધમાં આવો બનાવ બન્યોજ નથી."

"તમો ભુલો છો. હું પણ આ લેખકને ઓળખું છું. અને તેથીજ તેનું હૃદય જાણી શકયો છું. તમે જોશો કે જેને તમે લેખક તરીકે ઓળખો છો તે ખરો લેખક નથી. પરંતુ ખરો લેખક તો કોઇ બીજોજ છે."

આમ વાત ચાલે છે એટલામાં પોસ્ટમેને આવી એક કવર કાન્તા બાઇના હાથમાં મુકયું. કાન્તાએ પોતાના નામનું કવર જોતાંજ તે ફોડયું અને વાંચ્યા પછી બોલી:—

"જુઓ. આ લેખક તરફથી ભેટ આવી છે. આજના મંગલદિન માટે તે હર્ષ દર્શાવતાં લખે છે."

"શું મનહર તરફની ભેટ છે? વાંચો જોઉં શું લખે છે?" કાન્તાએ વાંચવા માંડયું. કાન્તાનું વય ચૌદ વર્ષનું હતું. પરંતુ વયન પ્રમાણમાં અભ્યાસ સારો કર્યો હતો. તે સુશિક્ષિત બાળા હરમુખરાયના સરળ સ્વભાવથી પ્રથમ દિવસેજ તેના જ્ઞાનથી આનંદ પામી હતી. તેથી કાંઇ પણ શરમ ન રાખતાં વાંચવા મંડી.

"પ્રિય કાન્તે!

આજ તમારો જન્મ દિવસ છે. આજે તમારા જીવનનો એક માંગલિક શુભ દિવસ છે. તે પ્રસંગે હું તમને સપ્રેમ સહૃદય અભિનંદન આપું છું. અને પરમકૃપાળુ ઇશ્વર પાસે યાચું છું કે "આપની સર્વ

મનેચ્છા પૂર્ણ હો. આપની વિદ્યા કલા ફલદ હો. અને આયુષ્ય ઉત્કર્ષના દિનોથી ભરપુર હો. સાંસારિક પારમાર્થિક અને અધ્યાત્મિક ઉચ્ચતમ સુખ ભોગવો અને પતિ સહ પરમકૃપાળુ પરમાત્માના સ્વરૂપમાં મળી અદ્વૈતામૃતનું પાન કરો."

"અંતિમ વિજ્ઞપ્તિ એટલીજ કે આજના શુભ દિવસના મુહુર્તે હું મારો જીવન-યજ્ઞ આરંભુ છું. શુદ્ધ પ્રેમી હૃદયની શાન્તિ અને તૃપ્તિ થતા સુધી એ કાર્યમાં રહીશ. આપને મારા સ્વરૂપમાં મળી નહીં શકીશ પરંતુ અન્ય સ્વરૂપમાં હમેશ મળીશ."

"માંગલિક પ્રસંગે ભેટમાં શું આપું ? આપના પ્રેમી હૃદય પાસે સર્વ તુચ્છ છે. પરંતુ વિવેક કરવો જોઇએ અને તેથી આ નજીવી પણ-હૃદય-પ્રેમથી ભેટ મોકલું છુ જે સ્વીકારશો."

લી૦ આપનો પ્રેમોત્સુક,

'મનહર'

ભેટમાં સાથે એક ડબો મોકલ્યો હતો તે હાથમાં લઇ કાન્તા વિચાર કરવા લાગી. હરમુખરાય બોલ્યો:—

"કાન્તાગૌરી ! હું નવિનજ મનુષ્ય અને આપના પરિચયમાં પ્રથમજ આવનાર છું છતાં સ્વાભાવિક રીતેજ આપના પ્રેમાળ અને માયાળુ હૃદયથી ઘણા લાંબા સમયના પરિચયનો ભાસ થાય છે. તેમાં પણ મારા મિત્ર 'મનહર' ના પત્રથી તે વધુ દ્રઢ થાય છે. પરંતુ આ ભેટ કેવા પ્રકારની છે તે જોવાનો આપની આજ્ઞા વિના મને અધિકાર નથી તેથી હું રજા લઇશ."

"ના ના તેમાં કાંઇ વાંધો નથી આપ હવે અજાણ્યા અથવા અપરિચિત તરીકે નથી પરંતું ઘરનાજ માણુસ તરીકે છો, કારણ આપને જે કાર્ય સોંપવામાં આવ્યું છે તે ઉપરથી તો આપજ મારા જીવન--ઉદયનુ મૂલ છો. આપના સમક્ષ તે ભેટ જોવાને મને કાંઇ પણ હરકત નથી." એમ કહી ત્વરાથી તે ડબ્બો ખોલી નાખ્યો તો અંદરથી એક પુષ્પ કે જેને જાસુંદી કહે છે તે નીકળ્યું. આ પુષ્પ જોઇ તે વિચારમાં પડી અને હરમુખરાયને પુછવા લાગી.

પ્રકરણ ૩ જું.

"આ પુષ્પ મોકલવાનું શું પ્રયોજન હશે? અને તે પણ ગુલાબ અગર બીજાને બદલે આવું?"

"કાન્તા! લેખકનો એમાં કેવોય હદેશ સમાયલો હશે. આ પુષ્પને જાસુંદીનુ પુષ્પ કહે છે. જેમ જાસુસો અન્યની ખબરો પોતાના સ્વામીને પહોંચાડે છે તેમ આ પુષ્પ પોતાના સ્વામીની ખબર તમને પહોંચાડવા આવ્યું છે. આ પુષ્પ ઝાઝું પરિચય યા વાપરમાં આવતું નથી. તે લેખકની હવે પછીની સ્થાતિ બતાવે છે. પત્રદ્વારાએ પણ એવુંજ સુચવન કર્યું છે. લેખક શકુન દાખલ તમને રક્ત પુષ્પ આપી સદા તમને સુખશાન્તિ ઇચ્છે છે, અને તે સાથે પોતાનો જીવનક્રમ દર્શાવે છે." કાન્તાના હૃદયપર આથી જુદીજ લાગણી થઇ તે સ્વલ્પમાંજ

સમજી શકી કે 'મનહર' તે પ્રમોદરાય નહીં પરંતુ કોઇ બીજીજ વ્યક્તિ હતી, અને આજે પ્રમોદરાય આવે ત્યારે તે બાબતનો નિશ્ચય કરી લેવા પોતે દૃઢ ઠરાવ કર્યો. જાસુંદીના પુષ્પને હૃદયપટપર સ્થાન આપ્યું. અને પત્ર વારંવાર પુનઃ પુનઃ વાંચવા લાગી. એટલામાં ઘાટણે આવી જણાવ્યું કે "બાઇસાહેબ, બહાર કોઇ ઘાટણ આવી છે; તે આપના પાસે આવવા માગે છે.'

"જા મોકલ."

રજા મળતાંજ ઘાટણ અંદર આવી અને એક ટાટ વસ્ત્રાચ્છાદિત કરેલો ત્યાં મુકી ઉભી રહી. કાન્તાએ ટાટ ઉપરનું વસ્ત્ર ઉપાડી લીધું અને ટાટમાંની વસ્તુઓ તરફ જોવા લાગી. ટાટમાં ફળફળાદિ ઉપરાંત એક સુવર્ણનો હ ર તથા તેની નીચે એક પત્ર હતો. પત્ર ઉપાડી હાથમાં લીધો તથા વાંચવા માંડયો પત્ર પુરો થયા પછી ઘાટણને રજા આપી અને હરમુખરાય સાથે વાતચીત શરૂ કરી.

"ખરેખર. આપનું કહેવું યથાર્થ છે. હું જેને 'મનહર' ધારતી હતી તે મનહર નથી પરંતુ તેને 'ધનહર' અથવા 'તનહર'ની ઉપમા આપીએ તો ખોટી નથી. આ 'મનહર' નું પારસલ તથા પત્ર જલ્દી ન આવ્યો હોત અને આપ જો અત્રે ન હોત તો જરૂર મારૂ જીવન ધુળ ધાણી જાત. આપના પ્રથમ સમાગમેજ મ રૂં જી ન સુધારી દીધું છે. હું આપની ઋણી છું. જુઓ આ પત્ર શું કહે છે." એમ કહી પત્ર હરમુખરાયના હાથમાં મુકયો. જરા આનાકાની કરી હરમુખરાયે તે વાંચવો શરૂ કર્યો:—

"પ્રિય કાન્તા!

મ્હારા આજના જન્મ દિવસના યોગે આ નજીવી ભેટ સ્વીકારી તારા પ્રેમના તરસ્યા ચાતકને કૃતાર્થ કરીશ એવી આશા છે. વિશેષ રૂબરૂમાં."

લી૦ મ્હ.રો

'મનહર'

પત્ર વાંચી હરમુખરાયે પાછો આપ્યો. બન્નેમાંથી કોઇ કાંઇ બોલ્યું નહીં. લગભગ પાંચેક મીનીટ એમજ પસાર થઇ ગઇ. છેવટે કાન્તા બોલી:—"લેખક પ્રત્યેક મનુષ્યના હ્રદયનું અવલોકન કરી શકે છે એટલુંજ નહિ પરંતુ મનુષ્ય માત્રને કેમ રીઝવવું, કેવા ઉદ્દગારો કાઢવા અને પ્રેમ–યાચના કેમ કરવી તે પૂર્ણપણે જાણી શકે છે. આવા તુચ્છ ઉદ્દગાર 'મનહર'ના કદાપિ હોયજ નહિં. હવે મારી ખાત્રી થાય છે અને મનહરના પત્રનો ભાવાર્થ હવેજ હું પૂર્ણપણે સમજી શકી છું. ઇશ્વર અને 'મનહર' મેળવવામાં મદદ કરો પણ—" થોડીવાર વિચાર કરી તેણે પુછ્યું:—"માસ્તર! 'મનહર' તમારા મિત્ર છે એમ તમે કહેતા હતા ને?"

"હા."

"તો પછી મારો તેમની સાથે મેળાપ ન કરાવી આપો?"

"તે મર્યાદા બહાર છે. તેમ છતાં કદી પ્રયત્ન કરૂં, પરંતુ પત્ર ઉપરથીજ તમે જોશો કે તે કયાં હશે તે પત્તો મેળવવો પણ અશકય છે. કારણ તેનો સ્વભાવ હું સારી રીતે સમજું છું. ને પોતાના મનપર જે વાત લે છે તેની શરૂઆત તેજ ક્ષણે કરે છે. તેની સાથે એટલું પણ

નક્કીજ કે તે તમારાથી દુર ન રહેતાં દરરોજ તમારી સમીપજ રહેશે. એટલુંજ નહિં પણ યોગ્ય સમયે તમને સલ્લાહ પણ આપશે. તેના સ્વભાવનો મને પુર્ણ ભરોંસો છે."

કાન્તા આ સાંભળી જરા શાન્ત પડી. પરંતુ આજ જન્મ દિવસના આનંદિત પ્રસંગે તે ઉદ્વેગયુક્ત હૃદયે શુન્ય થઇ પડી હતી.

જમવાનો સમય થયો એટલે બન્નેજણ પોત પોતાના રૂમમાં ગયાં. ભોજનાદિ થયા પછી હરમુખરાય પોતાના રૂમમાં ઇઝીચેરપર પાનસોપારી ખાતો પડ્યો હતો. હાથમાં એક પુસ્તક હતું પરંતુ તે વાંચવા પ્રતિ તેનુ લક્ષ નહોતું. વિચારમાળાના મણકા એક પછી એક આવતા અને જતા હતા છેવટે તે બોલી ઉઠ્યો કેઃ—"એટલું તો તે સમજી છે કે 'મનહર' તે પ્રમોદરાય ન હોય. હવે મારે કાંઇજ કરવાનું નથી. ફક્ત તેનો 'મનહર' પ્રતિ શુદ્ધ પ્રેમ છે કે કેમ તે તપાસ્યા બાદ તેના પિતાની સંમતિ મેળવવી. એજ શેષ કર્તવ્ય છે. પરંતુ પ્રમોદરાય ઘણોજ પ્રપંચી મનુષ્ય છે હજી તે શું શું પ્રપંચો કરશે તે સમજાતુ નથી. મારે હવે મારી સરળ જીંદગી છોડી દઇ ખાસ કરીને એક ડીટેક્ટીવ જેવી જીંદગી ગાળવી જોઇશું." વળી બંધ પડ્યો. થોડા વખત પછી વળી બોલ્યો. "એ તો થઇ રહેશે. સમય આવશે ત્યારે કાંઇ છુપુ નહીં રહે" એમ વિચાર કરી આરામ લેવા પલંગ પર પડ્યો. આણી તરફ કાન્તા પણ જમી પોતાના રૂમમાં જઇ વિચાર કરવા લાગી કે "પ્રમોદરાય ખરો મનહર તો નજ હોય ખરો મનહર તો કોઇ બીજોજ હોવો જોઇએ. પણ ત્યારે પ્રમોદરાયને આવો પ્રપંચ કરવાનું કારણ શું? હા સમજાયું. કોઇ પણ રીતે મારી

સાથે લગ્ન કરવું. એજ, બસ એજ. પણ ત્યારે ખરા મનહરને ક્યાં ખોળવો ? હા. એનો પત્તો માસ્તર બતાવશે. કારણકે 'મનહર' માસ્તરના મિત્ર છે અને તેથી તેમને જરૂર ખબર હશે. પણ 'મનહર' ને ક્યાંથી ખબર કે હું મનહરને ચ્હાઉં છું. તેમ હું ખરા મનહરને ન ઓળખતાં બીજાનેજ મનહર તરીકે માનું છું ! જરૂર તે મારા પરિચયમાં આવેલ હોવાજ જોઇએ. ત્યારે હું તેમને કેમ ન ઓળખું ? " આવા આવા વિચાર કરતી વળી શાંત થઇ પડી. મને હાથમાંથી વિચારમાળા ન મુકી; પરંતુ ધીમે ધીમે ફેરવતુંજ રહ્યું. છેવટે પોતાના પરિચયમાં આવેલા બધા મનુષ્યોનાં નામ જોતાં જોતાં આનંદશંકરનું નામ આવ્યું. ત્યાંજ તે ચમકી, તેને વિચાર આવ્યો કે " બસ ગમે તેમ હોય પણ આનંદશંકરજ 'મનહર' હોવો જોઇએ. પ્રમોદરાય પણ તેની વારંવાર ઇર્ષ્યા કરતો હતો અને ગઇ કાલે તેની ભેટ સ્વીકારવા પણ ના પાડી હતી. આ બધાનું કારણ પણ એજ હોવું જોઇએ. આજ આનંદશંકર હજી સુધી આવેલ નથી તેથી જરૂર એણે પત્રમાં લખ્યા મુજબ વર્તન કર્યું હશે. લાવતો ખરી, માણસ મોકલી ખાત્રી તો કરૂં. " એમ વિચાર કરતી ઉઠી ભૈયાને બોલાવ્યો અને કહ્યું " જાઓ ઐર આનંદશંકરકે વ્હાં જાકે કહો કે આજ બાઇકા જન્મ દિન હૈ ઔર આપ કો વાં બુલાતે હૈ. "

" બહુત અચ્છા. " કહી ભૈયો રવાના થઇ ગયો. વળી પાછી એકલી પડી. વિવિધ જાતિના તરંગો મસ્ત હાથીની પેઠે તેના હૃદયમાં ઝુમવા લાગ્યા. પરંતુ છેવટે ભૈયાના પાછા ફરવાની રાહ જોઇ વિશ્રાન્તિ લેવાનો વિચાર કરી ઇઝીચેરપર પડી. શાન્તિ ન મળી. અડધા એક કલાકમાં ભૈયો પાછો ફર્યો, પણ ભૈયાએ શું જવાબ આપ્યો ?

"આનંદશંકર શેઠતો કલ રાતકો કીધર ચલ ગયે હૈં. અભી તક પીછે નહીં ફીરેહૈ. ઔર ઉનકે પડોસી લોગ કહેતે હૈ કી વ્હોતો અભી ઇધર આને વાલેહી નહીં હૈ."

"શું ખરી વાત ! તે ચાલ્યા ગયા. !"

પ્રકરણ ૪ થું.

પ્રમોદરાય કાન્તાના બગીચામાંથી નીકળી આનંદશંકરને ત્યાં થઇ ઘેર ગયો. તે ઘરનો શ્રીમંત હતો પરંતુ તેના કુછંદી મિત્રોના સહવાસથી તેણે પોતાના નામને કલંક લગાડયું હતું. સરળ હૃદયની બાળા કાન્તાને આ બાબતની માહિતી કયાંથી હોય ? તે તો તેને એક શ્રીમંત સાથે સદ્‌ગુણી અને વિદ્વાન લેખક તરીકે ઓળખતી હતી. પ્રમોદરાય ઘેર પહોંચ્યો ત્યારે તેના સન્મિત્રો (!) તેની રાહ જોઇનેજ બેઠા હતા. પ્રમોદરાયે જઇ આનંદના ઉભરા પરસ્પર ગાળ મસ્તીમાં કાઢયા. પછી ચ્હા, બીસ્કવીટ અને સોડા લીંબુની મિજલસ શરૂ થઇ. સોડા લેમનને ઇન્સાફ આપતાં આપતાં છેલશંકર બોલ્યા:—

"કેમ ભાઇ પ્રમોદ ! તમે આજ તો કાંઇ અનહદ આનંદમાં છો ને શું ?"

"વળી કાંઇ હાથ મારી આવ્યા હશે." કચરાશંકર બોલ્યા.

"અરે પૈસાની એમને કયાં ખોટ છે ? પણ ઘરમાં કોઇ નથી

તેથી તેનું કંઇ નક્કી થયું હોય તો કોણ જાણે." વલવલશંકર વચ્ચે પુરાયા.

"હા-હા-ખરી વાત. એમજ હશે. ત્યારે તો આપણે પણ તૈયાર થાઓ. આપણને પણ સારી પહેરામણી મળશે." લોભશંકર બોલ્યા.

"ભાઇઓ, થયું તો છે, પણ હજી ભેંસ ભાગોળે જેવું છે." કન્યાએ તો હા પાડી પણ કન્યાનો બાપ હા પાડે ત્યારે કેની!" પ્રમોદરાયે નિશ્વાસ નાખ્યો.

"અરે એમાં શું? કન્યા હા પાડે તો પછી તેના બાપના તે શું ભાર!" વલવલશંકર બોલ્યા.

"અરે તેને તો આપણે જબરજસ્તીથી પણ મનાવીએ. મીયાંબીબી રાજી તો કયા કરેગા કાજી! કેમ છેલશંકર! ખરૂં છે ને?" લોભશંકર બોલ્યા.

"હા. રે. હા. પણ કન્યા ના પાડે તો?" છેલશંકરે અક્કલ દોડાવી પ્રશ્ન કર્યો,

"તો તો વિચાર જેવું થઇ પડે જો." પ્રમોદરાય બોલ્યો.

"અરે નિરાશ કેમ થાઓછો?" કચરશંકરે તર્કશક્તિનો ખજાનો ખોલ્યો "હરણ કરતાં કયાં વાર લાગે તેમ છે!"

"ખરેખર! એજ બરાબર છે." બધા સાથે બોલી ઉઠયા.

"જો કાલે ચોખ્ખું નહીં કહે તો જરૂર આપણે તેમ કરવું પડશે." પ્રમોદરાય બોલ્યો.

"એ તો હું અને વજ્રવલ્લશંકર બેજ જણુ બસ છીએ. એ કામ અમારૂં. તેની તમારે જરા પણ ચિંતા ન રાખવી." કચરાશંકરે હીંમત બતાવી.

આ પ્રમાણે આ નરરાક્ષસો વિવિધ પ્રકારની કલ્પનાઓ કરવા લાગ્યા એટલામાં કાલુખાં ઉસ્તાદની પધરામણી થઇ. હવે સૌ એ વાત છોડી કાલુખાંને વધાવી લેવા લાગ્યા.

"કયોં કાલુખાં! અકેલે આયે હો કયા?" પ્રમોદરાયે પુછયું.

"નહિં સરકાર! અકેલા આનેકા કયા વાસ્તા." કાલુખાંએ સલામ કરતાં જણાવ્યું.

"તબતો મુન્નીજાનભી સાથહી હોગી." લાભશંકર બોલ્યા.

"હાંજી હુઝુર. મુન્ની ઔર નન્નાં દોનો આતી હૈ. એટલામાં તો ઝાંઝરનો ઝીણો ઝીણો અવાજ આ સત્સંગ (!) મંડળના કાન ચમકાવવા લાગ્યો. બધાની નજર દાદર તરફજ વળી રહી. અને નન્ની તથા મુન્ની કયારે ઉપર આવે છે તેની વરસાદની માફક રાહ જોતા બેઠા. એટલામાં તો નન્ની તથા મુન્નીજાને દર્શન દીધાં. અને મુજરો કરી બેઠક લીધી.

"કાલુખાં! અબ કરદો શુરૂ" પ્રમોદરાય બોલ્યો.

"જો હુકમ." કહી ઉસ્તાદજીએ સારંગીના સુર મેળવવા માંડયા. નન્નીજાને પગનાં ઝંઝરના અવાજની તાલીમ અજમાવવા માંડી તે સાથે મલેક કાપુરના તબલા સાથે મુન્ની પોતાના ગળાના તાલ સુર મેળવવા લાગી. ધીમે ધીમે રંગ જામવા લાગ્યો, મુન્નીએ શરૂ કર્યું:—

આ.........આઆઆ.........આ

આઆઆ.........આ.........આ.

પ્રિય વાંચક ! આ વખતે સત્ય-સારગ્રાહી પ્રાચીન કાલનું કવિત યાદ આવે છે.

"પરિપૂરણ પાપકે કારણ તે, ભગવંત કથા ન રૂચે જીનકો,
તિન એક કુનારી બુલાય લઇ, નચવાવતહૈ દીનકો રીનકો;
મિરદંગ કહે ધીક હે, ધીક હૈ. તબ તાર કહે કીનકો કીનકો,
તબ હાથ ઉઠાયકેં નારી કહે, ઇનકો, ઇનકો, ઇનકો, ઇનકો."

તે મુજબ મુન્નીજાને પણ હાથ ફેલાવીને ધિક્કાર પાત્ર મૂર્તિઓનાં મોઢાં બતાવવા માંડયાં. લ્હેરી લાલાઓ—વિષય લંપટ રાક્ષસો—આનંદ પામી ડોલવા લાગ્યા. ગાન શરૂ થતાંજ દારૂની રેલ છેલ થવા લાગી. મુન્નીજાને તિક્ષ્ણ પણ વિષયીનો વ્હાલો કોમળ સુંદર સ્વર છુટવા માંડયો:—

"આ—બાલમ પીને દારૂડી, ઓ છેલા પીને દારૂડી.
મારો જોબન બીત્યો જાય—છેલા મારો૦-બાલમ પીને૦
મધુર ગુલાબી મોજ હૈ, ઔર ગુલાબી નાર,
ગુલસે ગુલ જો આ મિલે, પ્રેમપિયાલા ધાર—મારો-૦

"વાહ ! વાહ ! મુન્નીજાન ! અ......બ દુસરા ભી......સુનાઇએ......જી." પ્રમોદરાયે દારૂની ધુનમાં લવવા માંડયું.

"જીતે રહો ઉસ્તાદજી......વાહ કયસી કહી !" છેલશંકરે હૃદયનો આનંદ દર્શાવ્યો. મુન્નીજાને પણ એક ગ્લાસ ભરી પ્રમોદરાયના આગળ ધર્યો અને બોલી:—

"બાલમ—પીને દારૂડી, હો છેલા પીને દારૂડી.
પીને દારૂડી......ઇ. હો વ્હાલા પીને, હો લાલા પીને દારૂડી."

"લાવ પીયારી લાવ...લાવ...લાવ."

મુન્નીનો હાથ પકડી પ્યાલો ગટાવી ગયો. બીજાઓ પણ બાટલા પુરા કરવા મંડયા. આ લોકોને હાથથી ગયા જાણી મુન્ની, નન્ની, ઉસ્તાદજી કાલુખાં અને મીયાં મલેક કાફુર આ લહેરી મંડળીને લુંટવાનું કામ ટુક સમયમાં સાધી લઇ ચાલતી પકડી ગયાં. એટલામાં પ્રમોદરાયનો રસોઇઓ મનસુખ આવી પ્રમોદરાયને તેના શયનગૃહમાં લઇ ગયો. બીજાઓ પણ જેમ જેમ શુદ્ધિ આવી તેમ તેમ પોતાના ઘર તરફનો રસ્તો લેતા ગયા.

પ્રકરણ ૫ મું.

બપોરના ત્રણ વાગી ગયા હતા દેવીદાસના બંગલાના કમ્પાઉન્ડ આગળ ગાડીઓ, ઘોડાઓ, મોટરો વિગેરેની હાર જામી ગઇ હતી. બાગ બગીચામાં પણ બધું વ્યવસ્થિત કરેલું જણાતું હતું, વળી નોકરચાકરો પણ દોડા દોડી કરી પોતાની ફરજ બજાવવાની આતુરતા જણાવતા હતા. આજે કાન્તાનો જન્મ દિવસ હતો અને તેનાં મિજલસની આ બધી ગડબડ જણાતી હતી. પ્રિય વાંચક! આપણને આમંત્રણ નથી પરંતુ તે મિજલસમાં ભાગ લેવાનો આપણને અધિકાર છે. આપણે ફક્ત પકવાન્નનો સ્વાદ ચાખી નહીં શકીએ. પણ જાણી—સાંભળી તો શકીશું જ. ચાલો મારી પાછળ પાછળ આવો અને ત્યાં શું થાય છે તે જુઓ. બંગલાની અંદરના હોલમાં સ્ત્રી અને પુરૂષ મંડળ બેઠું છે પરંતુ

તે વિલાયતી રિવાજ મુજબ સાથે નહીં, પણ એક ભાગમાં પુરૂષ મંડળ ત્યારે વચ્ચે પાર્ટીશન નાખી બીજી બાજુએ સ્રી મંડળ બીરાજ્યું છે. તેમ ખુરશી ટેબલને બદલે ગાદી તકીયા બીછાવી દીધા છે. આપણે જરાક મોડા આવી પહોંચ્યા. જરા જલ્દી આવ્યા હોત તો દુધ તથા ફળાદિનો સ્વાદ ચાખત. હશે, જુઓ હવે તો બધું શાન્ત થઇ ગયું છે સર્વ મંડળ શાન્તિથી સ્વસ્થ થયું છે. હવે પ્રમોદરાય ઉઠી ઉભા થયા અને બોલ્યા.

"સજ્જનો આજે કાન્તાગૌરીનો જન્મ દિવસ હોવાથી આપણુને આમંત્રણ કરવામાં આવ્યું છે અને આવા આજના શુભ પ્રસંગે આપણે ચ્હાઇશું કે મી. દેવીદાસ તેમના સહકુટુંબ મિત્ર મંડળ સહ, દીન પ્રતિ દીન ઉત્કર્ષને પામો."

પ્રમોદરાય તાળીઓના ગડગડાટ વચ્ચે બેસી ગયો અને મિજલસ ધીમે ધીમે વિખરાવા લાગી. સર્વ મંડળના ગયા બાદ ફક્ત દેવીદાસ, હરમુખરાય, પ્રમોદરાય અને કાન્તાજ બાકી રહ્યાં. તેઓ મિજલસના હોલમાંથી નીકળી ડ્રોઇંગ રૂમની બાજુના રીડીંગ રૂમમાં આવ્યા. આજ સુધી દેવીદાસ પોતે પણ એમ ધારતા હતા કે પ્રમોદરાયજ "મનહર" છે પરંતુ કાન્તાએ પોતાના અનુભવની વાત કરતાં તેઓ પણ પ્રમોદને લુચ્ચો ધારવા લાગ્યા. અને તેથીજ અત્યારે ખરો મનહર કોણ તે શોધવા નામિત્તેજ આ રીડીંગ રૂમનો પ્રોગ્રામ તેમણે રચ્યો હતો. રીડીંગ રૂમમાં ચારે જણ દાખલ થયાં પરંતુ પ્રથમ કોઇ કાંઇ બોલ્યું નહીં. છેવટે દેવીદાસે શરૂઆત કરી:—

"પ્રમોદરાય! લેખક તરીકેના જીવન વિષે તમારો શું અભિપ્રાય છે?"

"લેખકનું જીવન ઘણુંજ ખારૂં અને અકારૂં છે. અમારા જેવા જે લેખકનું જીવન ગાળે છે તેજ તેને પૂર્ણપણે જાણી શકે છે."

"લેખકોનાં જીવન ઉચ્ચતમ હોવાનું તો મેં ઘણું સાંભળ્યું છે. જો કે આર્થિક સંપત્તિ કદાચ સારી નહીં હોય પરંતુ દૈવી સંપત્તિવડે તેઓ પૂર્ણ રીતે પોતાનું જીવન ઉચ્ચપ્રતિનુ બનાવી શકે છે. જે સુખ દૈવી સપત્તિવડે પ્રાપ્ત થાય છે તે અન્ય વડે નથી થતું" હરમુખરાયે પોતાનો અભિપ્રાય આપ્યો.

'નહીં નહીં. લેખકનું જીવન કેવળ નિરસ અને કંગાલ હોવા સાથે તેમાં શીખવાજેવું કાંઇજ હોતું નથી." પ્રમોદરાયે જ્ઞાનભંડારનુ ભુંગળુ ભટીયુ ઉકેલવા માંડયું.

"કેવળ ખોટું. તદન ખોટું. લેખક પોતે કેટલો અનુભવી થાય છે, એટલુંજ નહિં પરંતુ લેખકના જીવનમાંથી ઘણું ઘણું શીખવાનું મળે છે. તેની કલ્પનાઓના પ્રમાણમાં તે ઉચ્ચ પ્રતિનાં પુસ્તકો રચી શકે છે. એટલુંજ નહિં પણ જે જે પાત્રે ને તે પોતાના ગ્રંથમાં યોજે છે તે તે પાત્રોનાં જીવન કેવી રીતે આલેખવાં, વસ્તુ શું લેવી તથા નાયક નાયિકા પાત્રનું જીવન કેવું રચવું એ બધું કાર્ય જે કરી શકે તેનું જીવન શું નિરસ અને કંગાલ ધારો છો? લેખક કેટલી બધી શકિત ધરાવે છે તેનો તો વિચાર કરો! એક સામાન્ય મનુષ્ય પોનાની એક કલ્પનાના ઘોડાને શૃંગારી શકતો નથી; જ્યારે લેખક પોતાની કલ્પનાના અનેક ઘોડાઓને શૃંગારી એવા પ્રકારે તેમનું જીવન ચિત્ર રચે છે કે જે જીવન ચિત્રનું દિગ્દર્શન વાંચક વર્ગને થતાંજ તે પોતાનુ જીવનભાન અને ખરૂં કહીએ તો તે ક્ષણે પોતાનુ દેહભાન પણ ભુલી જાય છે. આ શું લેખકની શકિત ઓછી છે? તેનું જીવન નિરસ કેમ કહેવાય?" કાન્તાએ પ્રમોદરાયને મ્હાત કરવા કહ્યું. પરંતુ પારકા જ્ઞાને પંડિત થનારા પ્રમો-

દરાયને કાંઇ જવાબ દેવાની ખોટી હતી? તે તો 'હોઠ સાજા તો ઉત્તર ઝાઝા' એજ કહેવત સમજતો હતો એટલે એને પાટીઆં ગોઠવતાં વાર ન લાગી. તે બોલી ઉઠયો "કાન્તા! જરા તો વિચાર કરો કે પોતે પોતાના જીવનની પ્રશંસા કરે એ કેવું લજ્જાસ્પદ ગણાય?" સર્વ શાંત થયા છેવટે હરમુખરાય બોલી ઉઠયો કે "લગ્નના સંબંધમાં આપનો કેવો મત છે?"

"લગ્નના સંબંધમાં મેં મારો મત 'હિંદુ લગ્ન' નામના લેખમાં જણાવ્યો છે પરંતુ ટુંકામાં એટલુંજ કે સ્ત્રી પુરૂષની પસંદગી પરસ્પર થાય એટલે બસ." લગ્નનો હીમાયતી પ્રમોદરાય બોલ્યો.

"પરંતુ મારા ધારવા મુજબ તેમાં કન્યા તેમજ વરના વડીલોની સંમતિ પણ જોઇએ" હરમુખરાયે કહ્યું.

"સંમતિ તો ઠીક છે, પણ જો કદાચ વડીલો સંમતિ ન આપે તો પણ તે લગ્ન થવાંજ જોઇએ." પ્રમોદરાયે અગમચેતી વાપરવા માંડી.

"ના. ના. તેમ ન બને. મેં મારી કાન્તા માટે એક ઠેકાણું જોઇ કાઢયું છે, જો કે હજી કાન્તાને તે બતાવ્યું નથી પરંતુ મારી મરજી ત્યાંજ કરવાની છે. એટલે કાન્તા તે ના નહીંજ પાડે અને ટુંક મુદતમાં જ તે લગ્ન થઇ જશે. મારી સંમતિ વિના કાન્તાનાં લગ્ન કદાપિ પણ ન થાય." દેવીદાસે પ્રમોદરાયનું હૃદય ચીરનારા શબ્દો કહ્યા.

પ્રમોદરાયથી આ સહન ન થયું. તેથી વાત બદલાવા પ્રયત્ન કરવા લાગ્યો. દેવીદાસ પણ પોતાનો વિચાર પૂર્ણપણે જણાવી રહ્યા હોવાથી બીજી વાત ઉપર ઉતરી પડયા અને આડી અવળી વાત કર્યા પછી છુટા પડયા.

પ્રમોદરાય ખિન્ન મને ઘરતરફ ચાલતો થયો. તેને કાન્તા કરતાં દેવીદાસ ઉપર ઘણોજ ગુસ્સો આવ્યો અને આ બધો ગોટાળો કરનાર તરીકે હરમુખરાયના ઉપર શક લાવવા લાગ્યો. હરમુખરાય કોણ છે અને તે અહીં દેવીદાસને ત્યાં આજ કયાંથી અને શામાટે આવ્યો છે ? શું તેની સાથેજ કાન્તાનું લગ્ન કરવાનો વિચાર હશે ?' આવા આવા વિચારો કરતો તે ઘેર પહોંચ્યો. ત્યાં પાછી તેમના સન્મિત્રોની ટોળી તૈયારજ હતી. તેઓ એક પછી એક ઉપરાઉપર પ્રશ્નો કરવા લાગ્યા પરંતુ બીચારા નિરાશાના દરિયામાં રવડતો પ્રમોદ તેમને શું જવાબ આપે ! છેવટે તે બોલ્યો:—" તમે જરા શાન્ત થઇને સાંભળો. આજે તો બધી બાજી બગડી ગઇ મારા લગ્નની તો વાતજ ન નીકળી. પરંતુ તેને તો બીજા સાથે પરણાવવાનુ નક્કી થઇ ગયું. તે બીજું કોણ તે હજી હું જાણી શકયો નથી પણ એમ અનુમાન થાય છે કે દેવીદાસને ત્યાં આજે હરમુખરાય નામનો કોઇ માણસ આવ્યો છે અને તેજ કદી તે માણસ હોય નહીં ?"

"પણ હવે કરવું છે શુ ?" છેલશંકરે છેલાઇ કરી.

"વળી એમાં પુછવું શું હોય ! કોઇપણ રસ્તે કાન્તાને લેવી સપાટામાં એટલે જર અને જોરૂ બેય કબજામાં." કચરાશંકરે વધાર્યું.

"પણ ભાઇ પહેલાં પ્રમોદને તો પુછો," વલવલશંકર બોલ્યા.

"ભાઇ ! મને તો પુછશોજ નહિં. તમને જેમ ઠીક લાગે તેમ કરો પણ મને તો બસ કાન્તા—કાન્તાજ મેળવી આપો." પ્રમોદે રોદડા રડવા માંડયા.

"ઠીક છે, ઠીક છે." કચરાશંકર બોલી ઉઠ્યા. "તે બધું હું અને વલવલશંકર માથે લઇએ છીએ. તમારે તેની ચિન્તા નહીં"

"ના ભાઇ ના તેમ તો નજ બને. તમે બે નહીં પણ આપણે ચારેય મળીને તે કામ કરીએ." છેલશંકર બોલ્યો

"ભલે તેમ. પણ હવે ઢીલ ન થવી જોઇએ. ચલો અત્યારેજ, પણ તે પહેલાં જરા—" લોભશંકરે બોલ્યો.

"હા. હા. ના કોણ પડે છે. ઉડાવો–બસ ઉડાવો." એમ કહેતાં દારૂના બાટલા અને ગ્લાસ હવામાં ઉછળવા લાગ્યા.

—:o:—

પ્રકરણ ૬ ઠું.

પ્રમોદના ગયા પછી દેવીદાસ કાન્તા અને હરમુખરાય એકલા પડયા. દેવીદાસ બોલ્યાઃ—"મી હરમુખરાય! આપે પ્રમોદરાય વિષે શું વિચાર બાંધ્યો? શું એજ ખરો 'મનહર' છે?"

"ખરો 'મનહર' તો એ ન હોય. બાકી તેના પોતાના વિષે તો કોઇ પણ જાતનો અભિપ્રાય આપું તે નિરર્થક છે—અયોગ્ય છે."

"ત્યારે શું તમે 'મનહર'ની ભાળ ન આપી શકો? તમો તેના મિત્ર છો અને વળી કાન્તાનો જીવનોદય તમારા હાથમાં મુકયો છે તો તમે જરૂર એટલો શ્રમ લ્યો."

"હાલ તુરત હું કાંઇ કહી શકતો નથી. પરંતુ સમય આવ્યે હું મારી ફરજ બજાવીશ."

સર્વ જમવા ઉઠયાં. જમીને ઘણું મોડું થવાથી સર્વ પોતાના શયન ગૃહમાં ગયાં. લગભગ અગીઆર વાગી ગયા હતા હરમુખરાય પોતાના શયનગૃહમાં આમથી તેમ આંટા મારતો વચ્ચે વચ્ચે બારી આગળ ઉભો રહેતો. છેવટે એક ખુરશી બારી આગળ નાખી કુદરતનુ અવલોકન કરવા લાગ્યો. ચંદ્રની રઢીઆળી ચાંદની જોઇ પ્રફુલ્લિત હૃદયે ઇશગુણાનુવાદ ગાતો હતો. એટલામાં એકાએક આકાશમાં તોફાન શરૂ થયું ચારે બાજુ વરસાદથી છવાઇ ગઇ. વીજળીઓ ચમકવા લાગી અને બે મીનીટમાં તો ધોધમાર વર્ષાદ તુટી પડયો મોઢે મોઢુ ન સુઝે એવું અંધારૂં થઇ ગયું હતું. 'ઘડીમાં શું અને ઘડીમાં શું' ઇશ્વરના આવા ખેલમાં મગ્ન થતો હરમુખરાય કુદરતનાં વખાણ કરતો બેઠો હતો એટલામાં તેની દ્રષ્ટિએ એક આકૃતિ ધીમી ધીમી બગિચાના કંપાઉન્ડમાં આવતી માલુમ પડી. હરમુખરાયે ધારી ધારીને જોવા માંડયું તો કોઇ માણસ હોવાનો શક પડયો. એટલે કોણ હતું તે તપાસ કરવા પોતે કાળો વરસાદનો કોટ અંગ પર ઓઢી લઇ ગુપચુપ નીકળી પડયો. હરમુખરાયને બગીચામાં જઇ પહોંચતાં રહેજ પાંચેક મીનીટનો ટાઇમ નીકળી ગયો. જ્યારે તે બગીચામાં પહોંચ્યો ત્યારે પેલો માણસ પાછો ફરી દરવાજા સુધી જઇ પહોંચ્યો હતો. હરમુખરાય પણ દરવાજા આગળ જઇ પેલા માણસની પાછળ પાછળ જવા લાગ્યો. અપરિચિત માણસ આગળ અને હરમુખરાય પાછળ એમ બસોએક કદમ ગયા પછી બે લોકો એક ઉજડ જેવી જણાતી જગ્યા તરફ વળ્યા એટલો પેલો

માણસ ત્યાં ઉભો રહ્યો. હરમુખરાય જે થોડે પાછળ હતો તે પણ બાજુમાં આવેલા ઝાડ પાછળ ઉભો રહ્યો એટલે પેલો માણસ પાછો ફર્યો. અને ઝાડ પાસે આવી બોલ્યો.

"હરમુખરાય! હવે છુપાવાનું કારણ નથી. એમ નહીં સમજતા કે મેં તમને જોયાજ નથી. બહાર આવો. હું તમારો શત્રુ નથી. પણ મિત્ર છું."

"શત્રુ હો કે મિત્ર હો મને તેની બીલકુલ દરકાર નથી. બોલ જલ્દી કહી દે કે તું કંપાઉન્ડમાં શામાટે આવ્યો હતો અને ત્યાં તેં શું કર્યું?" હરમુખરાય જો કે પોતાનુ નામ આ નવિન મનુષ્યને મોઢેથી સાંભળી ચમકયો પરંતુ સમય સાધીને બોલ્યો.

"મહેરબાન! શાન્ત થાઓ. સીધી રીતે જે કામ બનશે તે ક્રોધથી નહીં બને. હું કહી ચુકયો છું કે હું મિત્ર છું શત્રુ નથી. સાંભળો. આજે રાતના તમારા બંગલા ઉપર આફ્ત આવનાર છે. કાન્તા અને તમારા પોતાના ઉપરજ આફ્ત છે. સાવચેત રહેજો. હું તમને ખાસ ચેતાવવાજ આવ્યો હતો. ત્યાં વખતે લુચ્ચાઓ આવી પહોંચે તો વાત બારી જાય તેથીજ તમને આટલે સુધી લઇ આવ્યો છું. મેં ત્યાં શું કર્યું છે તે તમને પાછળથી ખબર પડશે. માટે હાલ અહીં ખોટી થવામાં હાનિ છે. તમે બંગાલામાં જાઓ અને સાવચેતી રાખો, હું કોણ છું તે જાણવાની જીજ્ઞાસા થશે. પણ હાલ હું મારૂં ઓળખાણ આપી શકતો નથી. પરંતુ એટલુંજ કહું છું કે હું તમને જ્યારે મળીશ ત્યારે દીવ્રીપના નામે મળીશ અને મુસ્કેલીના વખતે રસ્તો બતાવીશ." આટલું કહી તે માણસ પુર જોશથી ચાલ્યો ગયો. હરમુખરાય વિચારમાં

ચડી ગયો. 'આ માણુસનું કહેવું ખરૂં હશે કે ખોટું. હું એની પાછળ જાઉં કે બંગલે જાઉં ? વખતે બંગલે કાંઇ નવાજુનીતો નહીં થઇ હોય ?" આવા વિચાર કરતો છેવટે પાછો બંગલા તરફ ફર્યો. હરમુખરાયને બંગલેથી નીકળ્યે લગભગ અડધો એક કલાક થઇ ગયો હતો. હરમુખ બંગલે પહોંચી પ્રથમ પોતાના ઓરડામાં ગયો કપડાં ઉતારી નાખ્યાં પણ ત્યાં કાંઇ નવાજુની જણાઇ નહીં. એટલે ત્યાંથી દેવીદાસના ઓરડામાં બારણા વચ્ચે થઇને જોવા માંડયું તો ત્યાં પણ બધું બરાબર જણાયું. ત્યાંથી નીકળી કાન્તાના ઓરડા તરફ ગયો તો ત્યાં પણ બધું વ્યવસ્થિત માલુમ પડયું. છતાં ધીરજ ન રહી તેણે દેવીદાસને ઉઠાડયો અને પોતે શું જોયું હતું તે સર્વ વિગતવાર કહ્યું. દેવીદાસ પણ કાન્તાના ઓરડા તરફ વળ્યો અને બારણું ઉઘાડવા બુમ પાડી. કાન્તાએ ઉઠી બારણું ઉઘાડયું. ત્યાં બેસી બન્નેજણે કાન્તાને આવતા ભયનુ સુચવન કર્યું. પણ કાન્તાએ તે વાત હસી કાઢી. પરંતુ કાન્તાનુ હસવું જોઇ હરમુખરાયને કાંઇક શક ગયો. અને તે ત્યાંથી ઉઠી પોતાના રૂમમાં આવ્યો. કાન્તાને સાવચેત રહેવાનુ કહી દેવીદાસ પણ હરમુખરાયના ઓરડામાં આવ્યો, તેને જોઇ હરમુખ બોલ્યોઃ-" શેઠ સાહેબ ! બાજી રમાઇ ગઇ છે, હું પાછો ફરતાં ઘણો મોડો થઇ ગયો લુચ્ચાઓ પોતાનો દાવ સાધી ગયા એટલુંજ નહિં પણ તમારૂ ઘર પણ ફોડયું."

"હરમુખરાય ! તમે આ શું કહો છો ? મને કંઇજ સમજ પડતી નથી, મારૂ ઘર કેવી રીતે ફોડયું ?"

"મહેરબાન સાહેબ ! વાત બહાર ન પડવા દેશો. પરંતુ મનમાંજ

સમજજો કે આ કાન્તા તે તમારી કાન્તા નથી, પણ તમારી કાન્તાને હરી જઇ તેને બદલે પાપીઓએ આ બનાવટી કાન્તાને અહીં મુકી છે."

"શું કહો છો?" દેવીદાસ મોટેથી બોલી ઉઠયા.

"ધીમેથી બોલો ઉતાવળા ન થાઓ. નહીં તો જીવ પર આવશે."

"નહીં. નહીં. તે મારા માનવામાં કદી પણ નહી આવે. તે તો કાન્તાજ છે. માસ્તર! તમને ભ્રમ થયો છે. તમે ભુલ્યા છો."

"હશે. જે હશે તે ખરૂ. પણ સાવચેત રહેજો સાવચેતી રાખવામાં આપણું કાંઇજ જતું નથી."

"ઠીક છે" કહી દેવીદાસ પોતાના ઓરડામાં ગયો. હરમુખરાય પણ તમંચો હાથમાં લઇ પલંગપર પડયો અને થોડીવારે નિદ્રાવશ થયો.

પ્રકરણ ૭ મું.

સવારના હરમુખરાય ઉઠી દાતણ પાણીથી પરવારી બગીચામાં ફરવા નીકળ્યો. ફરતાં ફરતાં કાન્તાની બારી આગળ આવતાં ત્યાં કેટલાંક પગલાં પડેલાં દીઠાં હરમુખરાય બારીકાથી તપાસવા લાગ્યો તો બે જાતનાં પગલાં જણાયાં એક મોટાં તથા બીજાં નાનાં, વળી તે પગલાં તપાસતો જ્યારે તે બહાર નીકળ્યો ત્યારે ત્યાં દરવાજાની બાજુએ તારના થાંભલા ઉપર હાથનો ડાઘ પડેલો જોયો. તેની ખાત્રી થઈ ગઇ કે આ કાન્તા પોતે નથી પરંતુ કોઇ વેષધારી સ્ત્રી છે. અને કાવતરૂ પુર્ણરીતે રચાયું છે. તે પોતાના ઓરડામાં પાછો ફર્યો અને

દેવીદાસને આ સર્વ હકીકત કહેવાનો વિચાર કર્યો પરંતુ દેવીદાસ તે માનતો ન હોવાથી તેણે મુલત્વી રાખ્યું. સ્નાનાદિથી નિવૃત્ત થઇ કાન્તાને અભ્યાસ માટે બોલાવવામાં આવી. પરંતુ પ્રકૃતિનું બ્હાનું કાઢી અભ્યાસક્રમ બંધ રખાવ્યો. જમતી વેળા પણ તેણે પ્રમોદરાય વિષે વાત કાઢી અને તેજ ખરો મનહર હોવાનું તેમજ તેની સાથે પોતાનું લગ્ન કરવાને જણાવ્યું. હરમુખની તો ખાત્રીજ થઇ ગઇ કે આ કાન્તા ન હોય, પરંતુ દેવીદાસ માનતો નહતો. કાન્તાના શબ્દો સાંભળી દેવીદાસ આશ્ચર્ય પામ્યો. અને વખત આવ્યે તપાસ કરી પછી લગ્ન કરીશું, એવો જવાબ વાળ્યો, હરમુખરાયથી શાન્ત ન રહેવાયું. તેને લાગ્યું કે બાજી એવા તો સંગીન પાયાપર રચાઇ છે કે જો જરા વિલંબ થશે તો બાજી હાથથી જતી રહેશે. તેથી કોઇ પણ ઉપાયે પોતાને આવેલો સંશય ખરો છે કે ખોટો તેની તપાસ કરવા ઉતાવળો થયો તેજ દિવસે તેણે દેવીદાસને એકાન્તમાં બોલાવ્યા અને પોતાનો વિચાર જણાવ્યો, દેવીદાસે તેને હસી કાઢ્યો પણ હરમુખરાય બોલ્યોઃ— “ગમે તેમ હો. પરંતુ સંશય માત્રનું છેદન કરવું જોઇએ, તેજ શાન્તિ મળે, માટે મને હાલ રજા આપો, કાર્ય સીદ્ધ કરીને સત્વર પાછો ફરીશ. પરંતુ આપને કહેવાનું એટલુંજ કે આપ કાન્તા ઉપર કોઇપણ જાતનો ભરોંસો રાખતા નહીં. જરા પણ કોઇનોય વિશ્વાસ કરતા નહીં. હું તમને વારંવાર મળી જઇશ. અને મારા ધારવા મુજબ દીલીપ પણ મળશે, માટે બીજા કોઇના ઉપર પણ વિશ્વાસ ન રાખશો. અને કાન્તા જેમ કહે તેમ હા એ હા કરજો, પરંતુ લગ્નની બાબતમાં મારા મળ્યા વિના તૈયારી ન કરતા. હવે મને રજા આપો.”

જો. કે દેવીદાસને હરમુખરાયનો ફક્ત એકજ દિવસનો પરિચય હતો છતાં તેને ઘણુંજ લાગી આવ્યું, ને ગળગળો થઈ ગયો અને છેવટે રજા આપી બોલ્યો:—

"ભલે હું તમારા કહ્યા મુજબ વર્તીશ, પણ તમે જલ્દી પાછા ફરજો."

દેવીદાસની રજા લઇ હરમુખરાય ચાલી નીકળ્યો, પણ દેવીદાસ વિના બીજા કોઇને તેનો ખબર પડી નહીં. કાન્તાએ હરમુખને ન જોવાથી દેવીદાસને પુછ્યું પણ દેવીદાસે જણાવ્યું કે એમની તબીયત નરમ હોવાથી હવાફેર માટે ગયા છે."

હવે દેવીદાસના મકાનમાં દેવીદાસ, કાન્તા, બેગો તથા ઘાટણ એમ ચારજ માણસની વસ્તી હતી. જો કે હરમુખરાયનું આટલું કહેવું છતાં દેવીદાસને કાંઇ પણ સંશય આવ્યો નહીં, પરંતુ તે તો ઉલટો હરમુખરાયની કલ્પનાને મૂર્ખતા ભરી ગણવા લાગ્યો. કેટલીક વખતતો પોતાના મન સાથે એમ પણ કહેતો કે "વધારે વિદ્વાન વધારે ભુલે. શું હું મારી કાન્તાને પણ ન ઓળખું ? આખી કાન્તા બદલાઇ જાય ત્યારે શું તેને બદલે બીજી એવીજ લાવીને બેસાડે એવો પરમેશ્વર કોઇ પાક્યો છે શું ? ખોટી વાત! માસ્તરને ભ્રમજ થયો હતો કે આ ખરી કાન્તા ન હોય. કાલે મનહર વિષે ભ્રમ થયો હતો આજે વળી કાન્તા વિષે ભ્રમ થયો." આમ વિચાર કરતો પણ વળી જયારે હરમુખરાયના શબ્દોનો અંતર્ધ્વનિ થતો, ત્યારે તેના વિચારો કાંઇક બદલાતા. અને વળી કાન્તાના ઉપર નજર રાખતો. આમ કરતાં કરતાં આઠેક દિવસ નીકળી ગયા. પ્રમોદરાય ત્યાં આવતો જતો, પરંતુ કાન્તા તેને કાંઇ વિશેષ રોકાવાનું

કારણુ ન આપતી; છતાં પ્રમોદરાય એક પણ દિવસ આવ્યા વિના રહે-તો નહીં.

પ્રકરણ ૮ મું.

પ્રમોદરાયને ત્યાંથી તેના ચારે મીત્ર કાન્તાને હરી લાવવા નીકળ્યા. થોડેક સુધી ચુપચુપ ચાલ્યા પછી છેલશંકરે શરૂઆત કરીઃ—"અલ્યા ભાઇ! આપણે જઇએ તો છીએ પણ આપણું શું નક્કી કર્યું આપણું!"

"નક્કી શું કરવું છે વળી આપણે ? ધારીશું તે લઇશું, એ તે બચ્ચો ક્યાં જવાનો છે!" કચરાશંકર બોલ્યા.

"ના ના યાર! એના કરતાં તો નક્કી થાય તો સારૂ" લોભશંકરની લાલસા બોલી ઉઠી.

"એ તો ઠીક આપણે કદી કાન્તાને ઉપાડી લાવીશું, પણ હરમુખનું શું કરીશું?" છેલશંકર બોલ્યો.

"શું તે શું? એમાં તે વળી પુછવાનું હોય? મહાકાલનો ભોગ" વલવલશંકરે પુરૂં કર્યું.

"અરે ભાઇ! જરા ધીમા બોલો ધીમા, વળી કોઈ સાંભળશે" કચરાશંકર બોલ્યા. એટલામાં કોઇ પ્રાણીજ ઝડપથી ત્યાંથી પસાર થતું હોય તેમ જણાયું, વલવલશંકર આજુબાજુ તપાસ કરી આવ્યા પણ કાંઇ જણાયું નહીં વળી પાછું સર્વેએ ચુપચુપ ચાલવા માંડયું, એટલામાં કચરાશંકરે છીંક ખાધી વલવલશંકર બોલી ઉઠયા કે 'યારો! અપશુ-

ફન થાય છે, માટે આપણે તો અત્યારે ચાલવાના નથી, તમારે જવું હોય તો જાઓ. , નહીં તો કાલે વાત.'

"ભાઇ વહેમ ન રાખીએ" શોભશંકર બોલ્યા. "વારૂ ભાઇ વારૂ. તારે જવું હોય તો જાને કોણ રોકે છે." વલ્લભશંકરે આગળ ચલાવ્યું "આપણે તો નહી ચાલીએ" "આપણે પણ નહીં આવીએ." કચરાશંકર ભળી ગયા શોભશંકર બોલ્યાઃ—ત્યારે રાખો કાલ પર વાતો જે થાય તે ખરૂં." એમ બોલી બધા છુટા પડયા. કચરાશંકર તથા વલવલશંકર સાથે રહેતા હતા, તેઓ ઘેર આવી પહોંચ્યા. અને થોડી વારે બધું સુમસામ થઇ ગયું. થોડી વારે કચરાશંકરના મકાનમાંથી બે પુરૂષ અને એક સ્ત્રી બહાર પડયાં અને કલાકેકના અરસામાં તેઓ પાછાં ફર્યાં. બહાર જતી વખતે સ્ત્રી ચાલીને ગઇ હતી. જ્યારે પાછા આવતી વખતે સ્ત્રી બેમાંના એક મનુષ્યના ખભા ઉપર હતી. બીજે દિવસે સવારમાંજ પ્રમોદરાયને ત્યાં મીટીંગ ભરાઇ અને શું કર્યું તે બાબત પ્રમોદરાયે પ્રશ્ન કર્યો.

"કેમ ભાઇ! કાલે શું કરી આવ્યા?"

"શું કરી આવે વળી? અમે જઇ તો આવ્યા. પણ ત્યાં કાંઇ ફાવે એમ લાગ્યું નહીં તેથી પાછા આવ્યા." કચરાશંકર બોલ્યાઃ—

"ત્યારે શું હવે કાન્તા નહીંજ મળે?"

"મળશે ભાઇ મળશે! એને સમજાવવી તમારા હાથમાં છે. વળી બીજો ઉપાય રચીશું." કચરાશંકરે ધીરજ આપી. આપણે પાછળ જોઇ ગયા કે પ્રમોદરાય પણ આજ આશા ઉપર રોજ કાન્તા પાસે આવતો જતો હતો.

ધીમે ધીમે બધી વાત ઠંડી પડતી ગઇ. પરંતુ હજી હરસુખરાય ન જણાયો. તેનો સંશય ખરો કે ખોટો તે તે પોતે પણ ન સમજી શકયો. દેવીદાસની રજા લઇ તે નીકળ્યો ત્યારથી રોજ તે દેવીદાસના બંગલા ઉપરજ દેખરેખ રાખતો હતો, તે સિવાય અન્ય કાંઇ કાર્યજ તેને નહોતું. એક દિવસે રાત્રના બારેક વાગ્યા ! સુમારે એક મોટર-કાર આવીને બંગલાના દરવાજાથી થોડેક દૂર ઉભી રહી અને એક માણસે ત્યાંથી લાલ બતી હવામાં ઉંચી કરી. તુરતજ તેના જવાબમાં જાંબલી રંગની બતી બંગલા તરફ હવામાં ફરવા લાગી અને પાછી બંધ થઇ ગઇ પેલી લાલ બતી પણ બંધ થઇ ગઇ થોડાજ વારમાં એક માણસ બંગલામાં દાખલ થયો અને કાન્તાના ઓરડા તરફ ચાલ્યો. કાન્તાએ તેને ઓરડામાં લઇ બારણું બંધ કર્યું. અને તે બન્ને ગુપચુપ વાત કરવા લાગ્યાં એજ વખતે બહાર એક બનાવ બન્યો. મોટર ડરાઇવરે મોટર ઉપરથી નીચે ઉતરી સીગારેટ સળગાવવા દીસાસળી સળગાવી. અને જેવો તે સીગારેટ સળગાવતો જતો હતો તેવોજ એક હબસી જેવા કાળા જબરજસ્ત માણસે તેનો ટોટો પકડયો અને તેનુ મોઢું બંધ કરી દીધુ મોટર ડરાઇવર કાંઇ પણ બોલે તે પહેલાં તો તેના હાથ અવળા બાંધી તેની છાતી પર ચઢી બેઠો અને એક હાથમાં પોકેટલેમ્પ તથા બીજા હાથમાં રીવોલ્વર લઇ મોટર ડરાઇવરના તરફ તાકી તે ધીમે પણ થરથરાવનારા અવાજે બોલ્યો:—

માસ્તર કે મનહર.

અંક ૩૩ થી ચાલુ.

" કમબખ્ત શયતાન ! તેરા નામ કયા હે ? યહ મોટર કીસકી હે

ઔર મોટરમેં કોન આયા હૈ? કાહેકો આયા હૈ ઔર કહાં જાનેવાલા હૈ! સચ બોલ દે નહીં તો તેરા આ પહુંચા સમજ્હેના."

"મેરા નામ મન્ચુર હૈ મેં મોટર ડ્રાઇવર હું, યહ મોટર ભાડેસેં ફીરાતા હું. યહ આદમીકો મયેં પહેચાનતા નહીં. વો કયા કામકે લીયે આયા હૈ વો મે જાનતા ભી નહીં, ઔર કહાં જાયગા વો ભી માલુમ નહીં. મુઝે છોડદો." મોટરડ્રાઇવરે ખુલાસો કર્યો.

"નહીં, નહીં, અભી તેરેકો નહીં છોડુંગા. જો ખુલાસા તુને કીયા હૈ વો સચ હોગા તો જીતા જાને દઉંગા, નહીં તો ફીર આ ચુકા." એમ કહી પોતે પોતાની પોકેટ લાઇટનો કીરમજી રંગ કરી, હવામાં હલાવી એટલે બીજા બે હબસીઓ ત્યાં આવ્યા અને પેલા મોટર ડ્રાઇવરને સાથે લઇ ચાલ્યા ગયા આ બધો બનાવ ઘણાજ ટુંક સમયમાં બની ગયો. પેલા બન્ને સાથીઓના ગયા પછી પેલો મુખ્ય સીધી બંગલા તરફ વળ્યો.

બંગલામાં જઇ કાન્તાના ઓરડા તરફ ગયો તો બારણાં બંધ હતાં. બ્હાર ઘુસપુસ સાંભળવા લાગ્યો પણ કાંઇ સંભળાયું નહીં; તેથી ફાટમાંથી અંદર નજર કરવા માંડી. તો તેણે શું જોયું? લાલ કપડાથી વીંટાળેલું એક બંડલ કાન્તાએ પેલા માણસના હાથમાં મુકયું. અને બોલી કે. "હવે હું ફરીથી બોલાવું ત્યાં સુધી આ તરફ આવતાજ નહીં."

"ઠીક છે" કહી પેલો માણસ ઉભો થયો. તેના ઉભા થવાથી પેલો હબસી ત્યાંથી પાછો ફર્યો. અને મોટર ઉપર આવી બેસી ગયો. પેલો માણસ આવી મોટરમાં બેઠો અને અમુક ઠેકાણે લઇ જવા હુકમ કર્યો, મોટર ચાલી અને ઠરાવેલા ઠેકાણે આવી ઉભી પેલા માણસે

મોટરમાંથી ઉતરી મોટર લઇ જવાને હુકમ કર્યો. મોટરડ્રાઇવરે પાછી મોટર ચલાવી અને પેલો માણસ બાજુના બંગલામાં ચાલ્યો ગયો. મોટરડ્રાઇવિર મોટર એક ખુણા ઉપર મુકી તે બંગલામાં પેઠો. ત્યાં પેલો માણસ કયાં હતો તેતો તે ન જાણી શકયો. પરંતુ તેની દૃષ્ટિએ તો કાંઇ બીજુજ પડયું. ત્યાં એક સ્ત્રી હાથમાં બતી લઇ બાજુના ઓરડામાં જતી જણાઇ. આ હબસી પણ એક બારી કુદાવી જઇ અંદર પેઠો. અને પેલી બાઇની પાછળ પાછળ ચાલ્યો. બાઇ એક દાદર ઉતરી એક મજબુત અંધારા ઓરડામાં આવી પહોંચી; ત્યાં વચ્ચેના એક ટેબલપર બત્તી મુકી. અને બાજુના પલંગપર પડેલી એક સ્ત્રીના આગળ જઇ ખુરશી લઇ બેઠી. પેલો હબસી ધીમે ધીમે છુપાતો છુપાતો પલંગની નીચે ભરાઇ વાત સાંભળવા લાગ્યો.

પેલી સ્ત્રી બોલી:—"તું શા માટે આટલી મુઝાય છે ! અહીં ત્હારૂં કોઇ નામ દે તેમ નથી. પ્રમોદ પણ અત્રે આવી શકે તેમ નથી. તેમ તું અહીં છે એવી કોઇને ખબર પણ નથી. માટે તું નિશ્ચિંત રહે."

પલંગપર પડેલી સ્ત્રી બોલી:—"જો મને કોઇ રીતનો ત્રાસ આપવામાં આવનાર નથી તો પછી મને અહીં લાવી રાખવામાં શો લાભ છે ? મને પાછી મારે ત્યાં કેમ નથી પહોંચાડતા ?"

"પાછી તે હમણાં ક્યાં પહોંચાડે ! હજી તો ઘણું કામ બાકી છે." એક પ્રચંડ અવાજ સંભળાયો. પલંગપર પડેલી સ્ત્રીએ જોયું કે એક માણસ ઓરડાના બારણા વચ્ચે આવી બોલ્યો. તે સ્ત્રી ભયની મારી ચુપ થઇ ગઇ. એકાદ મીનીટ થઇ હશે ત્યાં તો પેલી સ્ત્રી તથા પુરુષ

બન્ને ચાલી ગયાં અને ફકત પલંગપર પડેલી સ્ત્રીજ ત્યાં રહી સર્વને ગયેલાં જોઇ હબસી બહાર આવ્યો. તેને જોતાંજ તે સ્ત્રી ગભરાઇ ગઇ. પણ તેને ચુપ રહેવાની નિશાની કરી તે હબસી ધીમેથી પણ માયાળુ અવાજે બોલ્યો:—" કાન્તા ! બીશો નહીં. અને ગભરાશો નહીં. તમને હું હવે થોડાજ સમયમાં છોડાવીશ. પણ તમે શાન્તીથી રહેજો." તે હબસી હજી કાંઇ બોલવા જતો હતો એટલામાં બે માણસોએ આવી તેને પકડયો અને ત્યાંથી લઇ ગયા. કાન્તા એકલી પડી અને ક્ષણભર હબસીના શબ્દોથી જે આશાના અંકુરો તેના હૃદયમાં ફુટી નીકળ્યા હતા, તેનો સમૂળ નાશ થઈ ગયો.

પ્રકરણ ૯ મું.

—:o:—

પેલા બે હબસી મોટરડ્રાઇવરને ઠેકાણે મુકી પાછા જ્યાં મોટર ઉભી હતી ત્યાં આવ્યા તો ત્યાં મોટર તેમના જોવામાં ન આવી. તેથી મોટરના પૈડાંનાં નીશાન જોતા ચાલ્યા. થોડેક દૂર જતાં એક બીજો રજપુતસરખા દેખાવનો મનુષ્ય તેમની દૃષ્ટિએ પડયો. તેને જોઇ તેઓ એક બાજુ ઉપર છુપાઇ ગયા. એટલામાં તો પેલો રજપૂત નજીક આવ્યો અને મોટેથી બોલ્યો:—" ભાઇઓ છુપાઓ નહીં હું દીલીપ છું." દીલીપનું નામ સાંભળી બન્ને હબસીઓ બહાર આવ્યા અને ત્રણે જણ વાત કરવા લાગ્યા.

દીલીપ:—" જુઓ તમારા સ્વામીને હમણાંજ દુષ્ટોએ કેદ કર્યા

કે તમે મારી પાછળ પાછળ આવો. હું તમને રસ્તો બતાવું ત્યાંથી તમે તેમને છોડાવી લાવો."

એમ કહી તેમણે ચાલવા માંડયુ. પેલા બંગલા આગળ જઇ ચુપકાથી બંગલાની પાછળના ભાગમાં ગયા. અને એક નાનુ જાળીયું હતુ ત્યાં પહોંચ્યા દીલીપે હથીઆર કાઢી જાળીયુ તોડી નાખ્યું. અને બન્ને જણને અંદર જવા કહ્યું. પોતે ત્યાંથી ચાલી નીકળયો. દશેક મીનીટ થઇ હશે એટલામાં દીલીપ પેલી મોટર પાછી લઇ આવી જાળીઆ આગળ ઉભો. જેવા પેલા ત્રણે હબસીઓ બહાર નીકળયા કે તુરતજ તેમને મોટર દેખાડી, પોતે બંગલામાં ચાલી ગયો. મોટર પણ રસ્તે પડી. દીલીપ બંગલામાં કયાં ગયો તે જણાયું નહીં. તેમ બીજા કોઇ માણસનો પણ અવર જવર સંભળાયો નહીં.

આ વાતને ત્રણેક દીવસ થયા હશે એટલામાં એક દીવસે દીલીપ-દેવીદાસને ત્યાં ગયો આ વખતે કાન્તા ફરવા ગઇ હતી. જેથી દીવાનખાનામાં કોઇ નહોતું. ફકત દેવીદાસજ બેઠા હતા. દીલીપ ત્યાં ગયો. તેને જોઇ તેનું નામ તથા આવવાનું કારણ પુછયું.

દીલીપ—'મારૂં નામ દીલીપ! હવે હું શા માટે આવ્યો છું તે આપ જાણીજ શકયા હશો."

દેવીદાસ—'હા. બોલો શું હુકમ છે?"

દીલીપ—"તમે કાન્તાનુ લગ્ન પ્રમોદરાય સાથે નકકી કરી મુહુર્ત જોવડાવી જેમ બને તેમ ઉતાવળ કરવા માંડો."

દેવીદા—"પછી?

દીલીપ—"પછી સહુ સારૂ થઇ રહેશે. તમારી કાન્તા પણ આ-પશે, અને મનહર પણ મળશે."

દેવીદાસ—"ત્યારે શું આ મારી કાન્તા ન હોય ! તમે ભુલો છો."

દીલીપ—"નાજી તમે ભુલો છો અને તે હું સાબીત કરી બતા-વીશ. હાલતો સાહેબજી.."

દીલીપ ચાલ્યો ગયો. દેવીદાસ એકલો પડ્યો. તેને હરમુખરાયના શબ્દો યાદ આવવા લાગ્યા.

મનમાં ઘણા તર્ક વિતર્ક થવા લાગ્યા. આખરે બ્રાહ્મણ ને બોલાવી મુહુર્ત જોવડાવી લગ્ન દિવસ નક્કી કરાવ્યો. પ્રમોદરાય ને પણ કહાવી મોકલ્યું. બન્ને પક્ષની લગ્નની તૈયારી ધામધુમથી ચાલવા લાગી. આખા શહેરમાં એ વાત પ્રસરી ગઇ હરમુખરાયે પણ તે સાંભળી એટલુંજ નહીં પણ તેઓની તૈયારીઓ નજરે નજર જોઇ. મનમાં ઘણોજ વિ-ષાદ પામ્યો પણ તેજ દિવસે રાતના દીલીપ તેને આવી મળયો દીલીપે કહ્યું કે "એ બધું મેંજ કરાવ્યું છે અને પરમ દિવસે લગ્ન છે, પણ તે લગ્ન કાન્તાને પ્રમોદનાં કે કાન્તાને મનહરનાં છે તેટલુંજ જોવાનું છે. જે થાય તે તે વખત જોઇશું."

વખત વખતનું કામ કરવા લાગ્યો. આજે લગ્નની આગલી રાત હતી રાતના અગીઆર વાગે જંગલ તરફથી એક વીસેક માણસનુ ટોળુ આવી ગામમાં પેઠું અને ધીમે ધીમે ચાર ચાર પાંચ પાંચની ટુકડીમાં છુટ છુટ વેરાઇ ગયું. અંધારી રાત્રિ હોવાથી બધું શાંત થઇ ગયું હતુ. ફક્ત જંગલી પ્રાણીઓના કોઇ કોઇ અવાજ સંભળાતા હતા. તે વખતે એક

મહોલ્લામાંના એક ઘરમાં ઘણીજ ગરબડ થઇ રહી હતી, નાચમુજરાના જલસા જેવો શોર મચી રહ્યો હતો. પ્રિય વાંચક આ મકાન પ્રમોદરાયનુ હતું. આવતી કાલે લગ્ન હોવાથી સર્વને સર્વ કામગીરી અપાતી હતી. લગ્ન પણ રાતનાજ હતું તેથી ચોવીસ કલાક આગળની આ વરધી આપવા માટેજ મીજલસ ઠરાવી હતી. નમી, સુમી તથા ઉસ્તાદજી પણ હાજર હતા. તેમના દોસ્તામાં પેલા મહાન્ પરાક્રમી છેલશંકર, વલવલશંકર, કચરાશંકર અને લોભશંકર પણ હાજર હતા. વળી કેટલાક અપરિચિત મનુષ્યો પણ ત્યાં બેઠેલા હતા. લગ્નના દીવસની વરધી અપાઇ ગઇ ત્યાં બેઠેલા સર્વ એક પછી એક વિખરાવા લાગ્યા. છેવટે તેમના અંગત દોસ્તો રહ્યા. એટલે પ્રમોદરાય બોલ્યોઃ--- ' કેમ યારો ! આજે તો ખુશ છો ને ? "

" અરે ભાઇ ! કાન્તાને હરીવાવ્યાવિનાજ તેના બાપની રાજીખુશીથી લગ્ન કરવામા આવે ત્યારે પછી હમેશા માટે ખુશી ન થઇએ ! " લોભશંકર બોલ્યા. " ભાઇ ! તમે તેમ પણ યુકિત અમે બતાવી છે. તેનું કેમ ? " કચરાશંકર બોલ્યા.

" બધુંય થશે, " પ્રમોદ બોલ્યો. " કાલે થઇ તો જવાદો " એમ ગપ્પાં મારતા તેઓ નિદ્રાદેવીને આધિન થયા.

પ્રકરણ ૧૦ મું.

આજે લગ્નનો દિવસ હતા. પ્રમોદરાયને ત્યાં ઘણીજ ધામધુમ થઇ રહી હતી મેટા મોટા ગૃહસ્થો અને મિત્રો પાન સોપારીએ પધારતા હતા, તેમ દેવીદાસને ત્યાં પણ તેવોજ સમારંભ થઇ રહ્યો હતો. આ

તાં વળી કન્યા પક્ષ હતો એટલે ધામધુમમાં પુછવુંજ શું હોય ! ચારે બાજુ માંડવો નાખી શણુગારી લીધો હતો ઇલેકટ્રીક લાઇટના ઝાડ, ઝુંમર વિગેરેથી તેમજ બગીચાની સુંદર ખીલવણીથી તેની શોભા વધી પડી હતી. કાન્તા પણ અતિ હુલસમાં ફરતી હતી માત્ર દેવીદાસ કોઇની રાહ જોતો પોતાના દીવાનખાનામાં આંટા મારતો હતો. થોડો સમય ગયો હશે એટલામાં એક મુસલમાન દેવીદાસને ત્યાં આવ્યો એયાને કાર્ડ આપી દેવીદાસે મોકલ્યો દેવીદાસે કાર્ડ પર દીલીપનું નામ વાંચી તુરતજ અંદર આવવા અનુમતિ આપી. બન્ને હરમુખરાયના ઓરડામાં બેઠા દીલીપ બોલ્યોઃ—" દેવીદાસ શેઠ ! હું કોણ છું આ કાન્તા કોણ છે તે સર્વ આપ આજે જાણી શકશો સમારંભ અંતરના ઉમળકાથીજ કરજો અમો જે વખતે પ્રમોદરાયને વરઘોડો નીકળશે તે સમયે તમારા બંગલાને પાછલે બારણે ચાલીશું હરમુખરાયનો આ હોલ ઉઘાડો રાખજો. અને બંગલાના પાછળના ભાગમાં કોઈ પણ આવે નહીં એવો બંદોબસ્ત રાખજો હાલ હું એટલુંજ કહી રજા માગું છું."

" પણ લગ્નનું કેમ કરવું " દેવીદાસે પુછયું.

" તેની ચિંતા નહીં. અમે સર્વ કરી લઇશું." દીલીપ ખુલાસો આપ્યો.

દીલીપ ઉતાવળે પગે ચાલ્યો ગયો. સાયંકાળ થવા આવ્યો. લગ્નની ધામધુમ વધવા લાગી કાન્તા પણ લગ્નનાં આભુષણો પહેરી વરરાજાને નીરખવા આગળ અટારીમાં જઇ બેઠી વરરાજાનો વરઘોડો નીકળવાને એક કલાકની વાર હતી. તે વખતે ચાર હથીઆરબંધ માણસો કચરાશંકરના ઘરના પાછલા ભાગમાં જઇ ઉભા. અને કોઇની રાહ જોતા

હુમ તેમ જોવા લાગ્યા. એટેલામાં દીલીપ આવ્યો. અને તે બાગમાંનો એક ખુંટે કાઢી નાંખી ચોર બારણું ખુલ્લું કર્યું. બારણું ઉઘડતાં અંદરથી કાંઇક અવાજ આવવા લાગ્યો તેવાજ આ પાંચેજણ અંદર કુદી પડયા. જેવા તેઓ અંદર દાખલ થયા કે એક માણસ હાથમાં કાંઇક લઇને પાછે પગે નાસતો જણાયો. દીલીપે તેને તુરતજ પકડયો. અને હાથમાં બેડી નાંખી દઇ મોઢે ડુચો માર્યો. તેના હાથમાંની વસ્તુ લઇ લીધી અને ત્યાં એક પલંગપર પડેલી બેશુદ્ધ અબળાને તેણે પોતાની સાથે લઇ લેવા પેલા ચારજણને ઇસારત કરી. લગ્નના ઉત્સવમાં જવાનું હોવાથી અત્યારે કચરાશંકરને ત્યાં જે માણસ પકડાયો તે વિના બીજું કાઇજ નહોતું. તેઓ ત્યાંથી સહીસલામત બહાર નીકળ્યા. અને દેવીદાસના મકાન તરફ ચાલ્યા ગોઠવણ મુજબ પાછલા ભાગમાં પહોંચ્યા. ત્યાં કોઇ માણસ જણાયું નહી એટલે પેલી સ્ત્રી જે હજી બેશુદ્ધ હતી તેને લઇ હરમુખરાયના ઓરડામાં આવી પહોંચ્યા. ત્યાં આવતાંજ દીલીપે પેલા ચારમાંના એકજણને કાંઇ લેવા મોકલ્યો. થોડી વારમાં તે પાછો આવ્યો એટલે સર્વને ત્યાંથી જવા રજા આપી. પોતે કાંઇક તે સ્ત્રીને સુંઘાડયું. જેથી તે શુદ્ધિમાં આવી તેને આશ્વાસન આપી પોતે બહાર આવ્યો તો હરમુખરાય અને દેવીદાસને દીઠા પોતે ગુપચુપ ત્યાં ઉભોરહયો એટલે હરમુખરાય બોલ્યો. દીલીપ ! સવ તૈયાર છે માત્ર તમારા હુકમનીજ વાર છે. ” દીલીપ બોલ્યો—‘ વરઘોડો આવે ત્યારેજ વરઘોડો કરવો જોઇએ ” આમ વાત કરતા હતા એટલામાં તો વાજાના અવાજ સંભળવા લાગ્યા. દીલીપ હરમુખરાયને તેના ઓરડામાં લઇ ગયો ત્યાં કાન્તા પણ શુદ્ધિમાં આવી બેઠી હતી દીલીપે શરૂઆત કરી:—‘ કાન્તા બ્હેન ! આ મા

સ્તર હરમુખરાય નથી પણ એજ આનંદશંકર-બલ્કે " મનહર " " પોતેજ છે. "

" હેં ! શું માસ્તરજ મનહર ! " એમ બોલતી હરમુખને બાઝી પડી. હરમુખે તેને શાન્ત થવા જણાવી બેસાડી. પછી દીલીપ બોલ્યો હવે તમે લગ્નનાં દીવ્ય વસ્ત્રો પહેરો. આટલું કહેતં જ સૌ સૌની પસંદગી મુજબ વસ્ત્રાલંકાર પહેરીસજ થયાં. ' મનહરે ' ફકત સફેદ કીનારનું ધોયેલ ધોતીયું એક પહેરણ તથા આભુષણમાં રૂદ્રાક્ષની માળા પહેરી હતી. જ્યારે કાન્તાએ એક સ્વચ્છ પણ સાધુ વસ્ત્ર તેમજ કાંચલી સિવાય બીજું કાંઇજ પહેર્યું નહોતું. અલંકારમાં સૌભાગ્ય ચિન્હવિના કાંઇજ નહોતું. આ પ્રમાણે તેઓ તૈયાર થયાં. એટલામાં વરરાજા આવી પહોંચ્યા જેવાતે માંડવામાં આવ્યા કે તુરતજ તેમને અધવચ અટકાવી દીલીપ બોલ્યો:—

" વગર સામૈયે શું ચાલ્યા આવો છો ? જરા તો ધીરજ રાખો. " એમ કહી કન્યાના લગ્ન મંડપ તરફ જોઇ બોલ્યા. " ચાલો, હવે શું રાહ જોવાની છે વરરાજા આવી પહોંચ્યા. " આટલા શબ્દો નીકળતાં તો કચરાશંકર, વલવલશંકર, છેલશંકર, લોભશંકર તથા છેવટ પ્રમોદરાયને પણ તાબડતોબ ચતુર્ભુજ બનાવવામાં આવ્યા. લગ્ન મંડપમાં આવો બનાવ જોઇ સર્વ કોદમાં હાહાકાર વર્તી રહ્યો. લગ્ન લગ્નને ઠેકાણે રહ્યું અને આ શું થઇ ગયું એમ લોકો વાતો કરવા લાગ્યા. તેમને ચતુર્ભુજ બનાવી એક બાજુ પર બેસાડવામાં આવ્યા. તેજ વખતે ઉંચા પ્રકારનાં વસ્ત્રોથી તૈયાર થયેલી કાન્તાને પણ પકડી લેવામાં આવી. પછી દીલીપના કહેવાથી હરમુખના ઓરડામાંથી કાન્તા અને આનંદશં-

કર—કે જેને હવે આપણે મનહરના નામથીજ ઓળખીશું તે બહાર આવ્યા આ શું બનતુ હતુ તે જોઇ લોકો આશ્ચર્ય ચાકત થઇ ગયાં. પ્રમોદ પણ વિચારમાં પડયો કે આ શું ? ... સર્વ સામગ્રી પ્રમોદ કાન્તાના લગ્ન માટે તૈયાર કરી હતી તે મનહરકાન્તાના લગનમાં ઉપયોગમાં લીધી અને નિર્વિઘ્ને તે બન્નેનુ લગન કરવામાં આવ્યું લગનક્રિયા પૂર્ણ થઇ પરંતુ આ ભેદ ભરેલા બનાવનુ રહસ્ય જાણવાની જીજ્ઞાસાથી સર્વ લોક બેસી રહ્યા હતા. એટલામાં પોલીસ કમીશનર સાહેબ પધાર્યા. તેઓ પણ નાગર ગૃહસ્થ હતા અને આ બીના સાંભળી પોતે તે કેસની તપાસ કરવા ખાસ પધાર્યા હતા લગ્નક્રિયા પુરી થયા પછી તેજ મંડળમાં કન્યાને મુખ્ય સ્થાને બેસાડી એક બાજુ દેવીદાસ તથા દીલીપ અને બીજી બાજુ કમીશનર સાહેબ બેઠા અને પછી કેસ શરૂ કર્યો.

પ્રકરણ ૧૧ મું.

પ્રથમ પ્રમોદરાયની તપાસ થવા માંડી પ્રમોદરાય બોલ્યો:—"મારૂં નામ પ્રમોદરાય છે. હું જ્ઞાતે નાગર ગૃહસ્થ છું અને વિદ્યા અને સાહિત્યનો ઘણો શોખ છે. પરંતુ મને તેનું જ્ઞાન ન હતું. 'મનહર'ના નામથી લેખ માસિકમાં આવતા તે લેખ ઘણા સારા હોવાથી પારકા જ્ઞાને કીર્તિ મેળવવાની મને ઉત્કંઠા થવા લાગી તેથી મારા મિત્ર અને સ્નેહી મંડળમાં હું મને પોતાનેજ 'મનહર' તરીકે ઓળખાવતો. દેવીદાસ પણ પણ મારા સ્નેહી હતા. તેમને તથા તેમની પુત્રી કાન્તાને પણ હુંજ

મનહર છું એમ જણાવેલું કાન્તા સુશીલ અને [illegible] હોવાથી તેની સાથે લગ્ન કરવા મારૂં દીલ ઘણુંજ લલચાયુ અને એ અરસામાં હું એમ પણ જાણી શકયો કે કાન્તા ' મનહર ' નામના લેખકને ચ્હાય છે એટલે તેમ મારા તરફ દોરવા મેં વિશેષ પ્રયત્ન કર્યો તેમાં આખરે હું ફાવ્યો અને મેં કાન્તાપાસેથી વચન પણ લીધુ. પરંતુ પાછળથી તેના જન્મ દીવસે મારા સમજવામાં આવ્યું કે કાન્તા માટે તો બીજો વર નક્કી કરવામાં આવ્યો હતો. ત્યારે મેં મારા મિત્રોમાં એ વાત કરી તેઓએ કાન્તાનું હરણ કરી લાવવાની મરજી બતાવી તે કામ માથે લીધું. પરંતુ તેમણે પાછળથી તેમ ન કરતાં મનેજ કાન્તાને સમજાવવા કહ્યું. જે અનુસાર કાન્તા મારા પ્રયત્નથી મારા તરફ વળી અને આજનો લગ્ન દિવસ નક્કી થયો. પરંતુ આજે આ શું અને કેવો ગોટાળો થયો તે હું સમજી શકતો નથી "

પ્રમોદના બોલ પછી કચરાશંકરે શરૂ કર્યું—" અમે પ્રમોદના દોસ્તદારો છીએ. પ્રમોદે કાન્તાને હરી લાવવાનું જણાવ્યા પછી અમે તેમ કરવા ચાલ્યા પણ મને કાંઇક વિચાર આવતા મેં બધાંને પાછા વાળ્યા. તે વખતે મને જે વિચાર આવ્યો તે સ્વાર્થ અને પરમાર્થ બન્નેનો હતો. હાલ હું પૈસે ટકે ખાલી થઇ ગયો છુ. મને એમ વિચાર આવ્યો કે પ્રમોદરાય જેવા પાખંડી ને પાલે કાન્તાને નાખવી તેના કરતાં તેનુ શિયળ રક્ષણ થાય તો ઘણીજ સારૂં એ વિચારથી તથા મારે ત્યાં કીશોરી નામની એક છોકરી હતી તે કાન્તાના જેવીજ હોવાથી મેં એમ વિચાર કર્યો કે કાન્તાને બદલે કીશોરીનુ લગ્ન પ્રમોદ સાથે કરવું અને પાછીથી કાન્તાને તેને મકાને પહોંચાડવી. તથા કીશોરી મારફતે

દેવીદાસ તેમજ પ્રમોદરાયના પૈસા પડાવવા તેથી અમે બધ પાછા વળ્યા પછી હું ને વલ્લવલ્લશંકર કીશોરીને લઇ કાન્તાને ત્યાં ગયા. અને કાન્તાને ઉપાડી લઇ કીશોરીને ત્યાં મુકી કાન્તાને મે મારા ઘરની કેદ કરી અને કીશોરી મારફતે દેવીદાસના પૈસે હું મેળવવા લાગ્યો એક દીવસે રાતના હું કીશોરીને પ સેથી નીકળી મોટરમાં બેસી ઘેર ગયો, પણ તેજ દિવસે મારા કાવતરાની ખબર પડેલી મને લાગી કારણ એક માણસ કાન્તાના ઓરડામાં જઇ લાગ્યો અને તેને છોડાવવા ધીરજ આપવા લાગ્યો પણ તેજ વખતે મેં તથા વલ્લવલ્લશંકરે તેને પકડી એક ઓરડામાં પુર્યો પણ તે સવાર પહેલાં ત્યાંથી છટકી ગયો હતો તે પછી અત્યાર સુધી બીજુ કાંઈ બન્યું નથી અને આ બાબત હું વલ્લ-વલ્લશંકર અને કીશોરી સીવાય બીજા કોઇએ જાણ્યું પણ નથી."

વલ્લવલ્લશંકર, છેલશંકર તથા લોભશંકરે પોતાની વાત કહી. પછી દેવીદાસ તથા કાન્તાએ પણ બધી બાબત જણાવી જે ઉપરની હકીકત કરતા કાંઇ વિશેષ નહોવાથી અત્રે ફરી જણાવવામાં આવી નથી છેવટે હરમુખરાયનો વારો આવ્યો તે બોલ્યો:—"મનહર" તરીકે લેખ લખનાર હું આનંદશંકર છું. મને આનંદશંકર તરીકે નહીં પણ મનહર તરીકે કાન્તા ચ્હાય છે તે હું જાણતો હતો. પરંતુ પ્રમોદ પોતાને મનહર તરીકે ઓળખાવતો તેથી તે સત્ય મનહરને ઓળખી શકી નહીં. તેમ મેં પણ મારે મોઢેથીજ તારાં વખાણ કરવાં ઠીક ન ધાર્યાં જેથી હું મારૂં નામ બદલી હરમુખરાય નામ ધરાવી તેની ભુલ ભાગવા નોકર રહ્યો. બીજેજ દીવસે મેં તેણીની ભુલ સુધારી અને તેથીજ મી૰ દેવીદાસે પ્રમોદરાયને કાન્તાના લગ્નનો સહેજ ખુલાસો

કર્યો હતો. તેજ દિવસે રાતના એક માણસ બંગલાના બગીચામાં આવ્યો તે કોણ હતો તે જાણવા હું તેની પાછળ ગયો. મને જણાયું કે તેઓ દીલીપ હતા. તેમણેજ મને આ હરામખોરોના વિચારની અગમચેતી આપી. મેં પાછા આવી દેવીદાસને ઉઠાડી કાન્તાના રૂપમાં બેસી તે વાત કરી પણ કન્તાએ પણ તે વાતને હસી કઢી વાતને હસી કાઢતાં તેને જે હસવું આવ્યું. તે વખતેજ હું ચેતી ગયો કે તે કાન્તા નહોતી પણ કોઇ બીજીજ સ્ત્રી હતી. જો કે રૂપ, કાન્ત ચ્હેરો સર્વ કાન્તાને આબેહુબ મળતું હતું. પરંતુ કાન્તાના દાંત સફેદ હતા ત્યારે તે સ્ત્રી કે જેનું નામ પાછળથી કીશોરી જણાવવામાં આવ્યું છે તેના દાંત લાલ હતા આ ઉપરથી મેં ખરી બીના જાણી લીધી અને દેવીદાસને યોગ્ય સુચના આપી હું નીકળી પડયો. જે મોટરમાં કચરા શંકર આવ્યો હતો, તેના મોટર ડ્રાઇવરને હબસીના વેશમાં હુંજ પકડી ગયો હતો. અને મોટરડ્રાઇવર તરીકે કચરાશંકરને તેને ઘેર પહોંચાડી કાન્તાની પાસે પણ હુંજ ગયો હતો. ત્યાં મને પકડયા પછી હબસીના રૂપમાં મારા બે મિત્રોએ દીલીપની આજ્ઞા અનુસાર આજ મેં પોલીસની મદદ માગી અને તેથી છેવટે આપ્લોટ ખુલ્લો થઇ ગયો બીજા કોઇની જુબાની જરૂર જેવી જણાયાથી છેવટે દીલીપને પુછવામાં આવ્યું:—" મારૂં ખરૂં નામ શું છે તે હું જાણતો નથી પરંતુ મને હાલ રામચંદ્રનો નામથી બધા ઓળખે છે. હું કચરાશંકરને ત્યાં નોકર છું. એમ પ્રમોદરાય, કાન્તા વિગેરે બાબતની વાત સાંભળી મારૂં હૃદય કમકમ્યું. અને તેથી તેમને નિરાશ કરી સત્ય અને સદગુણીને મદદ કરવા મેં દીલીપ નામધરી હરસુખ-

રાયને પ્રથમ ચેતવ્યા; પછીથી હરમુખરાયને કેદખાનારૂપ ઓરડામાંથી છોડાવ્યા. કાન્તાને અહીં લઇ આવ્યો અને આ જે કાંઇ થયું તે કર્યું. હવે મારા તથા કીશોરીના સંબંધમાં જે વાત હું જાણું છું તે કહું છું. હું તથા કીશોરી બન્ને એકજ માણસના હાથ નીચે ઉછરેલાં, પરંતુ અમે કોણ તે અમે સમજી શકતાં નહીં. અમને ઉછેરનાર કહેતો કે તમે બન્ને કુલવાન અને ઉંચા કુટુંબનાં બાળકો છો. ભવિષ્યમાં તમે સુખી થશો. તમે કોણ છો તે તમારે જાણવું હોય તો આ એક માદળીયું છે તેમાં તમારા વિષે જે હકીકત હું જાણું છું તે મેં રાખી મુકી છે. એમ કહી તેણે મને આ માદલીયું આપ્યું હતું. પછી તે માણસ મૃત્યુ પામ્યો ત્યારે અમે બન્ને રખડતાં થઇ ગયાં. ત્યાં કચરાશંકરે અમને દયાથી હું તથા કીશોરી એક બીજાને ઘણાંજ વ્હાલાં હતાં. અને લગ્ન કરવાનો વિચાર રાખતાં હતાં. પણ કચરાશંકરના લોભી સ્વભાવે કીશોરીને આ પાર્ટ ભજવવા ફરજ પાડી. મને તથા કીશોરીને આથી ઘણુંજ લાગ્યું. પણ મે કીશોરીને આશ્વાસન આપ્યું કે હું તને દુ:ખી નહીં થવા દઉં. તે ઉપર આધાર રાખી તેણે આપ્રમાણે પોતાનો પાર્ટ ભજવવો શરૂ કર્યો હતો. હવે આ માદળીયું હું આપને સ્વાધીન કરૂં છું."

દીલીપના ખુલાસાથી બધાનુ હૃદય જીજ્ઞાસાથી ઉભરાઇ ગયું. સર્વ કોઇ આતુર ચ્હેરે જોવા લાગ્યું. કમીશનરસાહેબ પત્ર વાંચી એકદમ દીલીપને ભેટ્યા. અને બોલ્યા:—"સજ્જનો! જે મારો પુત્ર આજથી બારેક વર્ષ ઉપર યાત્રામાંથી આવતાં નદીમાં ગુમ થઇ ગયો હતો તેજ મારો દીલીપ મને આજ મળ્યો છે. એણે દીલીપ નામ ધરી સત્યની સહાય કરી છે માટે આજથી એનું નામ દીલીપજ રાખીશું."

પછી દેવીદાસ તરફ જોઇ બોલ્યા—" દેવીદાસ ! તમારી જે પુત્રી મધુ તેજ અરસામાં તેની માની સાથે ડુબી ગઇ હતી તેજ આ કીશોરી !"

આટલા શબ્દો બોલતાં તો સર્વત્ર ખુશી અને આનંદના પોકાર થઇ રહ્યા. અને દેવીદાસે તેજ ખુશાલીના અરસામાં દીલીપ અને કીશોરીનું લગ્ન કરી દીધું.

પ્રિયવાંચક ! ઇશ્વરની કુદરત ન્યારી છે. પ્રમોદ અને કાન્તાના લગ્નને બદલે ક્યાં મનહર–કાન્તા અને દીલીપ–કીશોરીનું લગ્ન ! ધન્ય પ્રભુ ! તારી ગતિ ગહન છે. ॥ ૐ ॥ ॥ ૐ ॥ ॥ ૐ ॥

સમાપ્ત.